જાન્યુઆરી ૨૦૧૫

# દાદાવાણી

કિંમત ₹ ૧૦

**અજ્ઞાનતાને કારણે મનુષ્ય વિષયના વમળમાં વીંટાય છે લોકસંજ્ઞાથી.**



તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૦, અંક : ૫
સળંગ અંક : ૨૩૩
**જાન્યુઆરી ૨૦૧૫**

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૨૮ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## વિષયના વમળમાં ફસાયા લોકસંજ્ઞાએ

### સંપાદકીય

આ વિષય-વિકાર જ આખા સંસારનું ધોરી મૂળીયું છે એ સમજવું અને સમજીને અનુભવવું એ એટલું સહેલું નથી. કારણ કે આ કાળમાં તો એ સુખને જ આખી દુનિયાના લોકોએ સર્વોચ્ચ સુખ ગણ્યું છે, પણ હકીકતે તે ભ્રાંતિ જ છે.

લોકસંજ્ઞા એટલે લોકોએ જેમાં સુખ માન્યું, તેમાં આપણે પણ સુખ માનવું એ લોકસંજ્ઞા છે. લોકોએ લક્ષ્મી, ગાડી, બંગલામાં સુખ માન્યું તો પોતે પણ એમાં સુખ માને છે. લોકોએ માનમાં સુખ માન્યું તો પોતે માનની રેસમાં ઉતરે છે. લોકોએ વિષયમાં સુખ માન્યું તો પોતે પણ વિષયસુખમાં ગરકાય છે. તેણે આવું કર્યું એટલે હું પણ કરીશ, હું આવું કરું છું એટલે પેલો પણ એવું કરે છે.

જગતની વાસ્તવિકતા એ છે કે દરેક વ્યક્તિ આ સંસારમાં કડવા-મીઠા અનુભવમાંથી પસાર થઈ રહી છે પણ અંતર્ગત રીતે સંસારનું ખરું સ્વરૂપ મહીં એને સમજાય છે જે એને પોતાને કૈડે છે પણ જેમ છે એમ કહી નથી શકતા. ઘરમાં કકળાટ કરી, રડી અને પછી મોઢું ધોઈને સ્વસ્થ થઈ જાય, જાણે કશું થયું જ નથી ! ઘરમાં પત્નીથી ત્રાસેલા, બહાર રોફ મારે ! આવો તો છે દંભી જગતનો દેખાદેખીનો વ્યવહાર !

કોઈએ સાચું શીખવાડ્યું જ નથી. મા-બાપ પૈણીને પોતે દુઃખના અનુભવ સાથે બેઠા હોય પણ છોકરાને સાચી સલાહ ના આપે. સહુ સહુના ઘાટમાં બેઠા છે. શા માટે પૈણાવે છે તો કહે, મારું નામ નીકળશે. અલ્યા પણ વિચાર તો કર કે નામ કાઢવાનું કે મોક્ષનું કામ કાઢવાનું ?

અજ્ઞાનતાને કારણે મનુષ્ય વિષયના વમળમાં વીંટાય છે લોકસંજ્ઞાથી. આ લોકસંજ્ઞા શું છે, કેવી રીતે વિષયની લોકસંજ્ઞા ગ્રહણ થાય, કેવી રીતે તેનાથી ચિત્તવૃત્તિ વિખરાય છે, કેવી રીતે લોકસંજ્ઞાએ વિષયના અભિપ્રાયો ગાઢ બને છે, આ વિષયની લોકસંજ્ઞા કેવી રીતે ઉત્પન્ન થાય છે. લોકસંજ્ઞા ખૂબ જ સીધો-સાદો શબ્દ છે પણ એ ક્યાં સુધી કામ કરી આવે છે ? ખૂબ જ છૂપી રીતે માર્ગને પલટાવી નાખે છે. આપણા જીવનના દરેક પાસામાં લોકમાન્યતા ઝળકે છે અને આપણો ધ્રુવકાંટો લોકસંજ્ઞાથી દિશા લે છે, એ ખૂબ જ જોખમી છે.

જગતની દૃષ્ટિએ સર્વોત્તમ સુખ વિષયભોગમાં મનાયું છે અને તેનું પૃથક્કરણ લોક દૃષ્ટિએ આપણને મળ્યું છે. કોઈ વખત જ્ઞાની પુરુષની દૃષ્ટિએ વિષયનું પૃથક્કરણ સાંભળ્યું નથી, જાણ્યું નથી. જો જ્ઞાની પુરુષની દૃષ્ટિએ વિષયના સ્વરૂપને સમજીએ તો વિષયના મૂર્છિત સુખોમાંથી છૂટી, આત્માના શાશ્વત સુખ ભણી પ્રયાણ થાય.

એક બાજુ વિષયના સુખની માન્યતા લોકસંજ્ઞાથી સજ્જડ થઈ છે ને બીજી બાજુ એને છેદનારું અક્રમ વિજ્ઞાન છે, જે વિષયનું સ્વરૂપ અને પરિણામ જેમ છે તેમ દર્શાવે છે. આમ વિષય વિકારના એ સુખની માન્યતા, અભિપ્રાયો, લોકસંજ્ઞા અને તેમાંથી બહાર નીકળવા માટે સાચી સમજણ આપે છે. જે આપણા વિષયના ધોરી મૂળિયાને જડથી કાયમી ઉખાડે છે, એવી બ્રહ્મચર્યસંબંધી વાણી પ્રસ્તુત સંકલનમાં અંકિત થઈ છે. જેના આરાધન થકી મહાત્માના જીવનનો ધ્રુવકાંટો, લોકસંજ્ઞા નહીં પણ જ્ઞાનીની સંજ્ઞા રહે એવી અભ્યર્થના !

**જય સચ્ચિદાનંદ.**

# વિષયના વમળમાં ફસાયા લોકસંજ્ઞાએ

## સંસાર વમળમાં ખૂપાયા વિપરીત બુદ્ધિએ

**પ્રશ્નકર્તા :** (હિન્દુ ધર્મમાં બ્રહ્મચર્યનું મહત્વ સમજાવ્યું છે છતાં) આ મનુષ્યજાતિમાં બ્રહ્મચર્ય રહે નહીં એનું શું કારણ ? મોહ છે ? રાગ છે ?

**દાદાશ્રી :** લોકોએ માન્યું એ આપણેય માન્યું. પણ બુદ્ધિપૂર્વકનુંય સુખ નથી આ; અવિચાર્યું સુખ છે. એ માન્યતાનું જ સુખ છે ખાલી અને જલેબી સુખદાયી છે, એ બુદ્ધિપૂર્વકનું સુખ છે.

વિષય એ તો બુદ્ધિપૂર્વકનો ખેલ નથી, આ તો મનનો ખાલી આમળો જ છે. કોઈ પણ બુદ્ધિશાળી માણસ જો બુદ્ધિથી વિષયને સમજવા જાય, તો બુદ્ધિ વિષયને લેટ ગો (ચલાવી લે) કરે નહીં. આ બુદ્ધિશાળીઓ લેટ ગો કરે છે, એનું શું કારણ ? લોકસંજ્ઞા પ્રમાણે ચાલે, એટલે પેલી બાજુનું આવરણ તૂટ્યું નથી.

એક જણે કહ્યું કે બુદ્ધિપૂર્વકમાં શું વાંધો છે ? ત્યારે મેં કહ્યું, બુદ્ધિપૂર્વકની ચીજો અજવાળામાં કરવાની હોય, સિક્રેસી (ખાનગી) ના હોય. હજાર માણસની હાજરીમાં બેસીને જલેબી ખવાય ? જલેબીમાં વાંધો નહીંને ? એને શરમ ના આવેને ?

**પ્રશ્નકર્તા :** ના, શરમ ના આવે, રોફથી ખવાય !

**દાદાશ્રી :** વિષય તો મૂર્ખોય ના ચાહે એવી વસ્તુ છે. બુદ્ધિનો સંપૂર્ણ પ્રકાશ થયેલો હોય, બુદ્ધિનો વિકાસ પામેલો હોય, તે પણ વિષયથી ડરે બિચારો. કારણ કે વિષય એ તો સાવ ગાંડામાં ગાંડી વસ્તુ જેવું છે. આ કાળમાં આ તો બળતરાને લઈને વિષયના કાદવમાં પડે છે, નહીં તો કોઈ કાદવમાં પડે નહીંને ! બહુ બળતરા હોય ત્યારે માણસ શું કરે ? એટલે ઊંધો ઉપાય કરે. વિષય જો વિચારવામાં આવે તો વિચારક માણસને એ ગમે જ નહીં. એટલે બુદ્ધિથીય વિષય છૂટે એવો છે. તેમાં પછી જ્ઞાનને અને આને શી લેવાદેવા ? વિષય પર જો વિચાર કર્યો હોતને, તો એને વિષય તો બિલકુલ ગમત જ નહીં. ચોખ્ખી બુદ્ધિવાળાને વિષયનું પૃથક્કરણ કરી આપવાનું કહીએ તો, 'વિષય થૂંકવા જેવી પણ વસ્તુ નથી' એમ કહે. એટલે ચોખ્ખી બુદ્ધિ હોય, એને તો વિષય ગમે જ નહીં. એ અડે જ નહીંને ! પણ બુદ્ધિમાં મળ જામી ગયેલો હોય, તેને તો બધું ઊંધું જ દેખાય.

આ સંસારની ઝંઝટમાં વિચારશીલને પોષાય નહીં. જે વિચારશીલ નથી તેને તો આ ઝંઝટ છે એનીય ખબર પડતી નથી, એ જાડું ખાતું કહેવાય. જેમ કાને બહેરો માણસ હોય તેની આગળ તેની ગમે તેટલી ખાનગી વાતો કરીએ એનો શું વાંધો ? એવું અંદરેય બહેરું હોય છે બધું, એટલે એને આ જંજાળ પોષાય. બાકી જગતમાં મઝા ખોળવા માગે, તે આમાં તો વળી કંઈ મઝા હોતી હશે ?

## વિષય બંધને ઊભું જગત

**પ્રશ્નકર્તા :** પણ આ સંસારના લોકોએ તો, પોતે એમાં સુખ માન્યું છે એટલે બધાને પકડીને કહે છે કે આમાં જ મજા છે, ચાલો !

**દાદાશ્રી :** સુખ પડે એટલા માટે લોક શાદી કરે છે. મને કોઈ 'હેલ્પર' મળે, સંસાર સારો ચાલે એવો કોઈ 'પાર્ટનર' મળે એટલા માટે શાદી કરે છે ને ? અલ્યા, આ તો ફસામણની જગ્યાઓ છે.

વિષયનું પૃથક્કરણ કરે તો ખરજવાને વલૂરવા જેવું છે. અમને તો ખૂબ ખૂબ વિચાર આવે ને થાય કે અરેરે ! અનંત અવતાર આનું આ જ કર્યું ! જેટલું આપણને નથી ગમતું, તે બધું જ વિષયમાં છે. નરી ગંધ છે. આંખને જોવું ના ગમે, નાકને સૂંઘવું ના ગમે. તેં સૂંઘી જોયું'તું ? સૂંઘી જોવું હતુંને ? તો વૈરાગ તો આવે. કાનને રુચે નહીં, ફક્ત ચામડીને રુચે. લોક તો ખોખાને જુએ, માલને ના જુએ. ખોખામાં તો જે ચીજ

નથી ગમતી, તે જ ચીજો ભરેલી છે. નર્યો દુર્ગંધનો કોથળો છે ! પણ મોહને લીધે ભાન નથી રહેતું ને તેથી તો જગત આખું ચક્કરે ચઢ્યું છે.

આ (મુંબઈમાં) વાંદરા સ્ટેશનની ખાડી આવે છે, તેની ગંધ ગમે ? એથી પણ બૂરી ગંધ આ ખોખામાં છે. આંખને ના ગમે એવા ચિત્ર-વિચિત્ર પાર્ટસ્ મહીં છે. આ કોથળા (શરીર)માં તો પાર વગરનો વિચિત્ર ગંદવાડો છે. આ આપણી મહીં હૃદય છે, તે જ લોચો કાઢીને આપણા હાથમાં મૂકે તો ? અને કહે કે જોડે હાથમાં રાખીને સૂઈ જા, તો ? ઊંઘ જ ના આવે ને ? આ તો દરિયાના વિચિત્ર જીવડા જેવું દેખાય. જે નથી ગમતું એ બધું જ આ દેહમાં છે. આ આંખો આમ બહુ રૂપાળી દેખાતી હોય, પણ મોતિયો આવ્યો ને એ ધોળી આંખો દેખી હોય તો ? ના ગમે. ઓહોહો ! વધારેમાં વધારે દુઃખ આમાં છે. આ દારૂ જે કેફ કરે છે, એ દારૂની ગંધ માણસને ગમતી નથી અને આ વિષય તો સર્વ ગંધનું કારણ છે. બધી જ ના ગમતી વસ્તુઓ ત્યાં (એમાં) છે. હવે શું હશે આ અજાયબી ? આમાંથી છૂટ્યા એટલે પછી રાજા. ભૂખ્યા જ ના હોય તેને શું ? ભૂખ્યો હોય, તે હોટલોમાં પેસેને ? જ્યાં ને ત્યાં ડાફોડિયું મારે, પણ જે જમીને નિરાંતે ફરે છે, રસ-રોટલી ખઈને ફરે છે, એ શાના હારુ ત્યાં હોટલોમાં પેસે ? ગંદવાડાવાળી હોટલો ! વિષયને ઊંડો વિચારવાથી એ જ લાગે કે આ ગટર તો ઉઘાડવા જેવી જ નથી. કેટલું બધું બંધન ! આ જગત તેથી જ ઊભું રહ્યું છે ને !

## જે વિચાર્યે ના ગમે, એનો સંબંધ કેમ પોષાય ?

આ વિષયમાં તો કશું છે જ નહીં. એ તો ફૂલ્સ પેરેડાઈઝ (મૂર્ખાઓની દુનિયા) છે. વિષયમાં કોઈ ઈન્દ્રિય ખુશ થતી નથી. આંખોય અંધારું ખોળે. કેરી જોવા માટે આંખો અંધારું ખોળે ? નાક કહે કે ડૂચા મારી દો ? માણસો ગંધાતા હશે ખરા ? બે દહાડા ના નહાય તો શું થાય ? આ કેરી જેવા ગંધાય ? એટલે આ વિષયો તો નાકને જરાય ના ગમે, આંખનેય ના ગમે. જીભની તો વાત જ શી કરવી ? ઊલટી આવે એવું હોય છે. આ કેરી બગડે છે પછી સોડે તો ગમે ? બગડેલી કેરીને અડવાનું, સ્પર્શ કરવાનું ગમે ? એટલે ત્યાં પછી ભોગવવાનું જ ક્યાં હોય ? કોઈ ઈન્દ્રિયો એક્સેપ્ટ (સ્વીકાર) કરતી નથી છતાં આ વિષય ભોગવે છે, એ અજાયબી છે ને !

વિષયમાં તે વળી કયું સુખ છે ? શ્રીમદ્ રાજચંદ્રે તો કહ્યું કે આ તો વમન કરવાને યોગ્ય પણ ભૂમિકા નથી. થૂંકવાનું કહે તોય ગમે નહીં. બીજી જગ્યાએ થૂંકાય, પણ અહીં તો આપણને થૂંકતાય શરમ આવે. લોકો કેવું માની બેઠા છે ! બધું ઊંધું જ માની બેઠા છે ને !

એટલે વિષયને જો માણસ વિચારેને, જો વિચાર કરતા આવડેને, તો એ વિષય ભણી કોઈ દિવસ જાય જ નહીં. પણ વિચાર કરતા જ નથી આવડતુંને ! વિષય એ અજાગૃતિ છે. વિષય પોષાય જ કેમ કરીને ? જે વિચારે કરીને ગમે એવી વસ્તુ નથી, તે જ વસ્તુનો સંબંધ કેમ પોષાય ?

લોકોએ વિષયમાં સુખ માન્યું છે, એવું પોતેય આમાં સુખ માન્યું છે. એમાં બિલકુલેય સુખ માનવા જેવું નથી. બાકી વિષય તો લોકસંજ્ઞા છે, ખાલી વિચાર્યા વગરની વાત છે.

## લોકસંજ્ઞાથી મનાયું સુખ વિષયમાં

**પ્રશ્નકર્તા :** 'આ વિષય તો લોકસંજ્ઞા છે' એટલે શું ?

**દાદાશ્રી :** લોકસંજ્ઞાથી ચાલે તો નર્યું દુઃખ જ છે ને 'જ્ઞાની'ની સંજ્ઞાથી ચાલે તો નર્યું સુખ, સુખ ને સુખ જ છે. લોકસંજ્ઞા એટલે લોકોએ જેમાં સુખ માન્યું, ભૌતિક વસ્તુઓમાં સુખ માન્યું, તેમાં આપણે પણ સુખ માન્યું તે. અને આત્મામાં જ સુખ છે એમ માનવું એ 'જ્ઞાની'ની સંજ્ઞા !

તમે લોકસંજ્ઞાથી ચાલો છો કે જ્ઞાનીની સંજ્ઞાથી

ચાલો છો ? લોકોની સંજ્ઞા કેવી હોય કે પૈસામાં સુખ છે, વિષયોમાં સુખ છે, ચોરી કરવામાં સુખ છે, એવી સંજ્ઞા હોય. જ્ઞાનીની સંજ્ઞા આત્મામાં સુખ દેખે, શાશ્વતી વસ્તુમાં સુખ છે એવું દેખે. તમે ચાખેલાં તે આરોપિત સુખ છે. એમેય કહે કે આ મારા માસી સાસુ આવ્યા, આ મારા ફોઈ સાસુ આવ્યા, મારા મામી સાસુ આવ્યા ! હોય ખરાં મામી સાસુ ને માસી સાસુ આપણા ? આ તો એવું સમજાય કે આ બધું મારું છે, પણ આપણું આ દુનિયામાં કોઈ છે જ નહીં. આત્મા અલગ જ છે, જુદો જ છે આખો. સાચું સુખ એક ક્ષણવાર તમે ચાખ્યું નથી. જો ચાખ્યું હોય તો બધું ગાંડપણ જતું રહે અને ના ચાખે ત્યાં સુધી સર્વસ્વ ગાંડપણ વર્ત્યા કરે.

## વિષયની પાશવતા લોકસંજ્ઞાથી

વિષય સંબંધમાં કોઈએ વિચાર જ કર્યો નથી કે એમાં શું શું દોષ છે ! દુનિયામાં કોઈ ચીજમાં દોષ ના હોય એટલો દોષ અબ્રહ્મચર્યમાં છે. પણ જો કે જાણતા નથી એટલે શું થાય ? લોકસંજ્ઞા આની આ જ ચાલી છે, પાશવતાની જ. પશુમાં નથી હોતું, તેવી માણસની લીલા જોઈને અજાયબી જ થાયને !

અરે, વિષયમાં સુખ હોતું હશે ? આ કૂતરાંનેય ખાવા-પીવાનું આપ્યું હોય ને તો તેય બહાર ના નીકળે. આ તો ભૂખને લીધે બિચારા બહાર ફર્યા કરે છે. આ મનુષ્યો આખો દહાડો ખાઈને ફર્યા કરે છે. એટલે મનુષ્યોને ભૂખનું દુઃખ મટ્યું છે, ત્યારે આ લોકોને વિષયોની ભૂખ લાગી છે. મનુષ્યમાંથી પશુ થવાનો હોય ત્યાં સુધી જ વિષય છે, પણ જો મનુષ્ય પરમાત્મા થવાનો હોય તો એને વિષય ના હોય. વિષય એ તો જાનવરોની કોડ લેંગ્વેજ (સાંકેતિક ભાષા) છે, 'ફૂલ્લી' પાશવતા છે. એટલે એ તો હોવી જ ના જોઈએ.

આ વિચાર કરજો બધું. તમને બાવો બનાવવા નથી આવ્યો. આ ખોટી માન્યતાઓ કેટલી બધી ઘૂસી ગઈ છે, તે કાઢવાની જરૂર છે. વિષય સંબંધમાં વિગતવાર સમજી લેવામાં આવે તો વિષય રહેતો જ નથી.

## એક ફસાયો, બધાને ફસાવ્યા

આ તો તમને સમજણ પાડવા માટે કહીએ કે જેથી તમને સંતોષ થાય કે આપણે (બ્રહ્મચર્યનો) માર્ગ લીધો છે એ સાચો છે. બાકી એવું તો કોઈ કહે જ નહીંને ? બધા તો વિષયના સુખનું જ શીખવાડે.

એવું છે, કે એક માણસને આંગળીમાં કંઈક દરદ થયું હશે, ત્યારે કોઈએ કહ્યું કે ભમરીનો ગલ ચોપડે તો મટી જાય. એટલે એ ભમરીનો ગલ લેવા માટે બીજા એક જણે ગોખલામાં હાથ નાખ્યો, પણ ત્યાં એક વીંછી બેસી રહેલો હશે. તેણે પેલાને ડંખ માર્યો એટલે પેલાથી ગલ લવાયો નહીં ને ઉપરથી એ શું કહે છે કે મારાથી તૂટ્યું નહીં. એટલે બીજો કહે, 'તારાથી ના તૂટ્યું, લાવ હું તોડી નાખું.' પછી બીજાએ મહીં હાથ નાખ્યો, તો એનેય ડંખ માર્યો. એટલે પેલો સમજી ગયો કે આણે ડંખ કહ્યો નહીં, માટે આપણેય કહેવું નથી. એણે એ ડંખ કહ્યો નહીં. પછી ત્રીજો ગયો, તેનેય ડંખ માર્યો. એવું વીંછી બધાને ડંખ માર માર કરે છે, પણ કોઈ કહેતું નથી.

## વિષય આરાધન શા માટે ?

આ તો ખાલી રોંગ માન્યતાથી જ આ બધું પેસી ગયું છે. બાકી, એક-બે બાળકની આશાઓ રાખે એટલા પૂરતું જ છે આ. નહીં તો વિષય મનુષ્યમાં ના હોય, તેય ઊંચી નાતોમાં. ઊંચી નાતમાં તો સંયમ હોવો જોઈએ.

વિષયનો વિચાર જ ના આવવો જોઈએ. જ્યાં સુધી પાશવતા છે ત્યાં સુધી વિષયના વિચાર આવ્યા વગર રહે નહીં. મનુષ્યમાં પશુપણું છે, ત્યાં સુધી વિચાર આવે. પશુપણું ગયું કે વિચાર જતો રહ્યો. બ્રહ્મચર્ય તો, જ્યાં જુઓ ત્યાં એને બ્રહ્મચર્ય હોય. વિષયસંબંધી વિચાર જ ના આવે. બ્રહ્મચર્યમાં આવ્યો એટલે દેવસ્થિતિમાં આવ્યો, મનુષ્યમાં દેવ !

## લોકસંજ્ઞાએ અભિપ્રાય થાય અવગાઢ

**પ્રશ્નકર્તા :** દાદા, આ લોકસંજ્ઞા કેવી રીતે પેસે છે ?

**દાદાશ્રી :** આખું જગત અભિપ્રાયને લીધે ચાલે છે. અભિપ્રાય વસ્તુ તો એવી છે ને કે આપણે અહીં કેરી આવી, બીજી બધી ચીજો આવી, તે ઈન્દ્રિયોને આપણી પ્રકૃતિ પ્રમાણે બધું ગમે અને ઈન્દ્રિયો બધું ખાય, વધુ ખાઈ જાય પણ ઈન્દ્રિયોને એવું નથી કે અભિપ્રાય બાંધવો. આ તો મહીં બુદ્ધિ નક્કી કરે છે કે આ કેરી બહુ સરસ છે ! એટલે એને કેરીનો અભિપ્રાય બેસી જાય. પછી બીજાને એમ કહે પણ ખરો કે ભાઈ, કેરી જેવી ચીજ કોઈ નથી દુનિયામાં. પાછું એને યાદેય આવ્યા કરે, ખૂંચ્યા કરે કે કેરી મળતી નથી. ઈન્દ્રિયોનો બીજો કોઈ વાંધો નથી. એ તો કોઈ દહાડો કેરી આવે તો ખાય, ના આવે તો કશું નહીં. આ અભિપ્રાય જ છે તે બધા પજવે છે ! હવે આમાં બુદ્ધિ એકલી કામ નથી કરતી પણ લોકસંજ્ઞા આમાં બહુ કામ કરે છે. લોકોએ માનેલું એને પહેલા પોતે બિલીફમાં બાંધે છે, આ સારું ને આ ખરાબ. પાછું પોતાનો પ્રિયજન હોય તે બોલે, એટલે એની બિલીફ વધારે બંધાતી જાય.

એવું આ અભિપ્રાય કોઈ બેસાડતું નથી, પણ લોકસંજ્ઞાથી અભિપ્રાય બેસી જાય છે કે આપણા વગર કેમ થાય ? આવું આપણે ના કરીએ તો કેમ કરીને ચાલે ? એવી સંજ્ઞા બેસી ગયેલી. તે પછી અમે તમને 'વ્યવસ્થિત' કર્તા આપ્યું. એટલે તમારો અભિપ્રાય ફરી ગયો કે ખરેખર આપણે કર્તા નથી, 'વ્યવસ્થિત' કર્તા છે.

અનંત અવતારથી લોકસંજ્ઞાથી ચાલ્યા છે, તેનો આ બધો ભરેલો માલ છે. એટલે અભિપ્રાય જે ભર્યા છે, તેની ભાંજગડ છે. જે અભિપ્રાય નથી રાખ્યા, તેની ભાંજગડ હોતી નથી.

લોકસંજ્ઞાથી અભિપ્રાય બેઠા છે, તે જ્ઞાનીની સંજ્ઞાએ તોડી નાખવાના છે.

## લોકસંજ્ઞાથી વિખરાઈ ચિત્તવૃત્તિ

**પ્રશ્નકર્તા :** આ ચિત્તવૃત્તિ જે વેરાય છે તે મૂળ બેઝમેન્ટ (પાયામાં) શું ? શાથી વેરાય છે ?

**દાદાશ્રી :** નિશ્ચય બધો નક્કી કર્યા સિવાયનો, અને લોકોના કહેવાથી પોતે દોરાય તેથી ! લોકોએ જેમાં સુખ માન્યું તેમાં પોતે માને કે બંગલા વગર તો સુખ પડે નહીં. અલ્યા, સારું ખાવાનું ના હોય તો સુખ ના પડે, બંગલાને શું કરવો છે તે ? રોજ લાડવા ખાવા મળતાં હોય તો બંગલાની જરૂર ખરી ?

**પ્રશ્નકર્તા :** તો લોકસંજ્ઞા ચિત્તવૃત્તિ વિખેરવામાં હેલ્પ કરે છે ?

**દાદાશ્રી :** લોકસંજ્ઞાથી જ આ ચિત્તવૃત્તિ બધી વિખરાઈ ગઈ છે. બીજાની જરૂર જ શું પડે આપણને આખો દહાડો ? બે લાડવા ને થોડુંક શાક મળ્યું હોય તો બીજા કોઈની જરૂર પડે ? બૂમ પાડવી પડે તમારે કે ફલાણા કાકા અહીં આવો, ફલાણી કાકી અહીં આવો ?

એ તો લોકોનું જોઈને શીખ્યો બધું. એ લોકસંજ્ઞા છે બધી. દેખીને શીખે છે. પેલો કહેશે, 'દેખો, હમારા સાલા આયા.' એટલે આ નાનો હોય તે કહેશે, 'હું હઉ પૈણીશ ત્યારે મારેય સાળો આવશે.' એ લોકસંજ્ઞા બધી.

## આંધળો અહંકાર ગ્રહે લોકસંજ્ઞા

**પ્રશ્નકર્તા :** એ લોકસંજ્ઞા ગ્રહણ કોણ કરે છે ?

**દાદાશ્રી :** અહંકાર જ બધું કરે. અહંકાર આંધળો છે, દેખતો જ નથી બિચારો, બુદ્ધિની આંખે ચાલે એ. હવે બુદ્ધિ કહેશે, 'એ તો આપણા મામા સસરા થાય.' ત્યારે કહે, 'સારું.'

**પ્રશ્નકર્તા :** એટલે આ બધા બુદ્ધિના જ વાંધા હશે ને ?

**દાદાશ્રી :** બુદ્ધિને લઈને જ આ સંસાર ઊભો થયો છે. બુદ્ધિ સલાહકાર છે ખાલી. અંધો એ અહંકાર

જ, બધુંય એનું જ છે અને પાછો કહેશે, 'આ હું જ છું.' બુદ્ધિ ના બોલે કે 'આ હું છું.' 'ચંદુભાઈય હું, આમનો સસરોય હું થઉં, આમનો મામોય હું થઉં', બધું એ જ (અહંકાર). બુદ્ધિને ભાગે કશુંય નહીં, લુખ્ખી ને લુખ્ખી. સમજણેય એ પાડે છે. રોંગ બિલીફ અહંકારથી છે. અહંકાર એની આંખે જ ચાલવાનો.

## લોભે લપટાય લોકસંજ્ઞામાં

**પ્રશ્નકર્તા :** કેટલાક લોકોને તો લોકસંજ્ઞાએ બધું જોઈએ છે. કોઈની ગાડી જુએ એટલે એને પોતાનેય જોઈએ. આ લોકસંજ્ઞા કેવી રીતે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** એ લોકસંજ્ઞા ક્યારે ઉત્પન્ન થાય ? પોતે મહીં ધરાયેલો ના હોય ત્યારે. મને અત્યાર સુધી કોઈ સુખ લગાડનાર મળ્યો નથી ! નાનપણથી જ મને રેડિયો સરખો લાવવાની જરૂર પડી નથી. આ બધા જીવતા-જાગતા રેડિયો જ ફર્યા કરે છે ને ! મહીં લોભ પડ્યો હોય ત્યારે લોકસંજ્ઞા ભેગી થાય.

## ના શીખવ્યું સાચું કોઈએ

આ જગતનો વ્યવહાર જ એવો છે. કોઈએ સાચું શીખવાડ્યું નથીને ! મા-બાપેય કહે કે પૈણો હવે. અને મા-બાપની ફરજ તો ખરીને ? પણ કોઈ સાચી સલાહ ના આપે કે આમાં આવું દુઃખ છે. એ તો કહેશે, પૈણાવો. લગ્નમાં તો કેટલાય એક્સિડન્ટ (અણબનાવો) થાય છે, છતાં કેટલાય લગ્ન થાય છે ને ? આ તો લગ્નના કૂવામાં પડવું પડે છે. બીજું કશું ના હોય તો છેવટે મા-બાપ પણ ઊંચકીને એ કૂવામાં નાખે. એ લોકો ના નાખે તો મામો ઊંચકીને નાખે. આવું છે આ ફસામણવાળું જગત !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, મા-બાપ કેમ ફસાવે ?

**દાદાશ્રી :** રસ્તો દેખાડનાર કોઈ છે જ નહીં. સૌ કોઈ વિષયનો માર્ગ દેખાડે. મા-બાપ પણ કહેશે કે પૈણ બા, અમે તો ફસાયા છીએ, તમને પણ ફસાવ્યા વગર અમે રહીએ જ નહીંને હવે. જેથી એને ત્યાં છોકરો થાય તો હું દાદો થાઉં. બસ, આટલી જ એમને લ્હાય હોય. 'અરે, પણ દાદા થવા માટે મને શું કામ આ કૂવામાં નાખો છો ?' બાપાને દાદા થવું હોય એટલા હારુ આપણને (લગ્નના) કૂવામાં નાખે.

**પ્રશ્નકર્તા :** એમાં જો કોઈ બ્રહ્મચર્ય તરફ જાય, તેના તો બધા વિરોધી થઈ જાય.

**દાદાશ્રી :** હા, લોકોને (મા-બાપને) નામના કાઢવી છે. 'મારા છોકરાંનાય છોકરાંએ નામ કાઢ્યું' કહેશે ! પછી એની ફસામણ જે થવાની હોય તે થાય, પણ 'મારું નામ તો નીકળે', કહેશે.

## લોકોના સુખમાં પોતે માન્યું સુખ

આ લોકોએ તો વિષયની જાહેરાતો છાપી અને બધા લોકોને એ બાજુએ વાળ્યા. છતાંય જો બળતરા, જો બળતરા ! તું મુંબઈમાં જા તો ખરો ! નાગા નાચગાન જુએ છે, તોય બળતરા ! અત્યારે તો બધું એ જ તોફાન ચાલી રહ્યું છે ને ! તેથી બળતરા પણ પાર વગરની ઊભી થઈ છે ! રાત-દહાડો બળતરા, બળતરા અને બળતરા !

આ તો બધું અણસમજણથી ઊભું છે. ડુંગળીની ગંધ કોને આવે ? જે ડુંગળી ખાય તેને ગંધ ના આવે. જે ડુંગળી ના ખાતો હોય તેને તરત જ ગંધ આવે. વિષયોમાં પડ્યો છે તેથી વિષયોમાં ગંદવાડો સમજાતો નથી. એટલે વિષય છૂટતો નથી ને રાગ કર્યા કરે છે. એય બેભાનપણાનો રાગ છે. આત્મા એક જ માંસ સ્વરૂપ નથી, બીજું બધું નર્યું માંસ જ છે ને !

આહાર રોજ સરસ ખાતો હોય, પણ ચાર દહાડાનો ભૂખ્યો હોય તો લીંટ પડેલો ગંદો રોટલોય ખાશે. આ ખોરાક તો (કંઈકેય) સારો હોય છે, પણ આ વિષય તો એથીય ગંદવાડો છે. ભૂખની બળતરાને લઈને ગંદો રોટલો ખાય છે, એવું આ બળતરાને લઈને વિષય ભોગવે છે. આ ગંદો રોટલો ખાતી વખતે 'ચાલશે' કહે છે, પણ ફરી ખાવાની ઈચ્છા રહે છે ? ના ! એ તો ફરી ખાવાની ઈચ્છા કોઈનેય ના

હોય. પણ વિષયમાં એવું રહેતું નથીને ? વિષયમાં પણ એવું રહેવું જોઈએ.

### આમ ફસામણ વધતી ગઈ

આ રોટલા ને શાક માટે શાદી કરવાની. ધણી જાણે કે હું કમાઈ લાવું, પણ આ ખાવાનું કરી કોણ આપે ? બાઈ જાણે કે હું રોટલા બનાવું ખરી, પણ કમાવી કોણ આપે ? એમ કરીને બેઉ પરણ્યા ને સહકારી મંડળી કાઢી. પછી છોકરાંય થવાના. એક દૂધીનું બી વાવ્યું, પછી દૂધિયાં બેસ્યા કરે કે ના બેસ્યા કરે ? વેલાને પાંદડે પાંદડે દૂધિયાં બેસે, એવું આ માણસો પણ દૂધિયાંની પેઠ બેસ્યા કરે છે. દૂધી એમ નથી બોલતી કે મારા દૂધિયાં છે. આ મનુષ્યો એકલા જ બોલે કે આ મારા દૂધિયાં છે. આ બુદ્ધિનો દુરુપયોગ કર્યો. બુદ્ધિ ઉપર નિર્ભર રહી, તેથી મનુષ્યજાતિ નિરાશ્રિત કહેવાઈ. બીજા કોઈ જીવ બુદ્ધિ પર નિર્ભર નથી. એટલે એ બધા આશ્રિત કહેવાય. આશ્રિતને દુઃખ ના હોય. આમને જ બધું દુઃખ હોય !

બૈરી સામી થાય ત્યારે એ સુખની ખબર પડે કે આ સંસાર ભોગવવા જેવો નથી. પણ આ તો તરત જ (પાછો) મૂર્છિત થઈ જાય ! મોહનો આટલો બધો માર ખાય છે, તેનું ભાન પણ રહેતું નથી. આ વિકલ્પી સુખો માટે ભટક ભટક કરે છે.

બીબી રિસાયેલી હોય ત્યાં સુધી ધર્મ કરે અને બીબી બોલવા આવી એટલે ભાઈ તૈયાર ! પછી ધર્મ ને બીજું બધું બાજુએ રહે. કેટલી મૂંઝવણ ! એમ કાંઈ દુઃખ મટી જવાના છે ? ઘડીવાર તું ધર્મમાં જાય તો કંઈ દુઃખ મટી જાય ? જેટલો વખત ત્યાં રહું એટલો વખત મહીં સળગતું બંધ થઈ જાય જરા, પણ પછી પાછી કાયમની સગડી સળગ્યા જ કરવાની. નિરંતર પ્રગટ અગ્નિ કહેવાય, ઘડીવાર પણ શાતા ના હોય. જ્યાં સુધી શુદ્ધાત્માસ્વરૂપ પ્રાપ્ત ના થાય, પોતાની દૃષ્ટિમાં 'હું શુદ્ધસ્વરૂપ છું' એવું ભાન ના થાય ત્યાં સુધી સગડી સળગ્યા જ કરવાની. લગ્નમાં પણ દીકરી પરણાવતા હોય તોય મહીં સળગ્યા કરતું હોય ! નિરંતર બળાપો રહે ! આ સંસાર રોગ એવી વસ્તુ નથી કે જાય. આ બાજુનો રોગ ઓછો થાય ત્યારે પેલી બાજુનો રોગ ભેગો થાય.

સંસાર એટલે શું ? જંજાળ. બૈરી-છોકરાંની જંજાળ અને તે અનંત અવતાર બગાડી નાખે. આ દેહ વળગ્યો છે તેય જંજાળ છે ! જંજાળનો તે વળી શોખ હોતો હશે ? આનો શોખ લાગે છે એય અજાયબી છે ને ! માછલાંની જાળ જુદી ને આ જાળ જુદી ! માછલાંની જાળમાંથી કાપી કરીને નીકળાય પણ ખરું, પણ આમાંથી નીકળાય જ નહીં. ત્યારે ઊલટું વધારે ફસામણ લાગે. ઠેઠ નનામી નીકળે ત્યારે નીકળાય !

### લગ્નબંધનની ફસામણ કેવી ?

વડોદરામાં એક શેઠ હતા. તેમની બૈરી બહુ કચકચ કરતી. ઘેર પાંચ-છ છોકરાં, ખાધે-પીધે સુખી પણ બૈરી બહુ જબરી. તે શેઠ કંટાળી ગયા. તે તેમણે વિચાર્યું, ''આના કરતા સાધુ થઈ જાઉ તો લોક 'બાપજી, બાપજી' તો કરશેને છેવટે !'' તે શેઠ છાનામાના નાસી ગયા, સાધુ થઈ ગયા. પણ બૈરી ભારે હોશિયાર હતી. શેઠને ખોળી કાઢ્યા એણે તો ! અને ઠેઠ દિલ્હીમાં અપાસરામાં બાઈ તો ઓચિંતી જઈ ચઢી. ત્યાં મહારાજનું વ્યાખ્યાન ચાલતું હતું. શેઠ પણ મૂંડાવીને સાધુવેશે બેઠા હતા. તે શેઠાણીએ તો ત્યાં ને ત્યાં જ શેઠને ટૈડકાવા માંડ્યું, 'અરે, તમે મારી જોડે શું વેપાર માંડ્યો છે ? આ ઘેર છ છોકરાં મારે માથે નાખી કાયરની જેમ શું નાસી ગયા ? એમને ભણાવશે-પૈણાવશે કોણ ?' એણે તો ઝાલ્યો શેઠનો હાથ ને ઢસડવા માંડી ! શેઠ સમજી ગયા. વધારે ખેંચ કરીશ તો ફજેતો થશે. તેણે કહ્યું, 'અલી, ઊભી રહે જરી વાર ! મને કપડાં તો બદલવા દે.' ત્યારે શેઠાણી કહે, 'ના, એમ તમને હવે ચસકવા ના દઉં, આવા ને આવા ચાલો. ઘેરથી નાસી જતા શરમ નહોતી આવી ?' તે મહારાજેય સમજી ગયા ને શેઠને સાનમાં જતા રહેવા સમજાવ્યું ને શેઠાણી તો શેઠને એના એ જ વેશ લઈને આવ્યા પાછા.

લગ્ન એ તો ખરેખરું બંધન છે. ભેંસને ડબ્બામાં પૂરે છે એવી દશા થાય છે. એના કરતા લોખંડની સાંકળ હોત તો કાપી કરીને છૂટી જાત, પણ આ સાંકળ તો તૂટે નહીંને ! લાખ અવતારેય એ હવે છૂટે નહીં.

## ફરજિયાત જગત ના સહેવાય, ના છૂટાય

આ ફરજિયાત જગત છે ! ઘરમાં વહુનો ક્લેશવાળો સ્વભાવ ના ગમતો હોય, મોટાભાઈનો સ્વભાવ ના ગમતો હોય, આ બાજુ બાપુજીનો સ્વભાવ ના ગમતો હોય, તેવા ટોળામાં માણસ ફસાઈ જાય તોય રહેવું પડે. ક્યાં જાય તે ? આ ફસામણનો કંટાળો આવે, પણ જવું ક્યાં ? ચોગરદમની વાડો છે. સમાજની વાડો હોય, 'સમાજ મને શું કહેશે ?' સરકારનીય વાડો હોય.

ઘરે જાય તો વહુના લપકા ખાવા પડે, ધંધામાં ભાગીદારના લપકા ખાવાના, ઈન્કમટેક્ષ ઑફિસરના લપકા ખાવાના, નોકરીમાં સાહેબના લપકા ખાવાના. જ્યાં ને ત્યાં લપકા ખા ખા કરે છે, તોય શરમ પણ નથી આવતી કે બળ્યું, આટલા લપકા ખઈને જીવું છું, તે શા માટે જીવું છું ? પણ હવે ક્યાં જાય ? પછી નઠોર થઈ જાય !

સંસારમાં કેટલી જાતની કૈડ ! એક જ પ્રકારની કૈડ કૈડે, બધી કૈડ એકદમ ના કૈડે. બધી વારાફરતી કૈડે. એક કૈડી રહે ને પછી બીજી આવીને કૈડે. પછી ત્રીજી આવીને કૈડે. નિરંતર કૈડ કૈડ્યા જ કરે. બધા ગૂંચાયેલા હોય તો શું થાય ? કૈડે તો ખરુંને ? ગૂંચવે પણ ખરુંને ?

કંટાળીને જળસમાધિ લેવા જુહુના કિનારે જાય તો પોલીસવાળા પકડે. 'અલ્યા ભઈ, મને આપઘાત કરવા દે ને નિરાંતે, મરવા દે ને નિરાંતે !' ત્યારે એ કહે, 'ના, મરવાય ના દેવાય. અહીં આગળ તે આપઘાત કરવાના પ્રયાસનો ગુનો કર્યો, માટે તને જેલમાં ઘાલીએ છીએ.' મરવાય નથી દેતા ને જીવવાય નથી દેતા, આનું નામ સંસાર ! માટે રહોને નિરાંતે. આવું છે ફરજિયાત જગત !

માટે જેમ તેમ કરીને, 'એડજસ્ટ' થઈને ટાઈમ પસાર કરી નાખવો એટલે દેવું વળી જાય. કોઈનું પંદર વર્ષનું, કોઈનું પચ્ચીસ વર્ષનું, કોઈનું ત્રીસ વર્ષનું, ના છૂટકેય આપણે દેવું પૂરું કરવું પડે. ના ગમે તોય એની એ જ ઓરડીમાં જોડે રહેવું પડે. અહીં પથારી બઈસાહેબની ને અહીં પથારી ભાઈસાહેબની ! મોઢા વાંકા ફેરવીને સૂઈ જાય તોય વિચારમાં તો બઈસાહેબને ભાઈસાહેબ જ આવેને ! છૂટકો નથી, આ જગત જ આવું છે. એમાંય આપણને એ એકલા નથી ગમતા એવું નથી, એમનેય પાછા આપણે ના ગમતા હોઈએ. એટલે આમાં મઝા કાઢવા જેવું નથી.

## પોતાના જાળામાં પોતે જ વીંટાય

જેમ આ કરોળિયો જાળું વીંટે, પછી પોતે મહીં પૂરાય એવી રીતે આ સંસારનું જાળું પોતે જ ઊભું કરેલું છે. ગયા અવતારે પોતે માગણી કરી હતી. બુદ્ધિના આશયમાં આપણે ટેંડર ભર્યું હતું કે એક સ્ત્રી તો જોઈશે જ, બે-ત્રણ રૂમ હશે, એકાદ છોકરો ને એકાદ છોકરી, નોકરી એટલું જોઈશે. તેને બદલે વાઈફ તો આપી તે આપી, પણ સાસુ-સસરો, સાળો-સાળાવેલી, માસીસાસુ, કાકીસાસુ, ફોઈસાસુ, મામીસાસુ,... ફસામણ, ફસામણ ! આટલી બધી ફસામણ જોડે આવશે એવી ખબર હોત તો આ માગણી જ ના કરત બળી ! આપણે તો ટેંડર ભર્યું હતું વાઈફ એકલીનું, તે આ બધું શું કરવા આપ્યું ? ત્યારે કુદરત કહે છે, 'ભઈ, એ એકલું તો ના અપાય, મામીસાસુ, ફોઈસાસુ એ બધું આપવું પડે. તમને ત્યાર વગર ગમે નહીં. આ તો લંગર બધું હોય ત્યારે જ બરાબર મઝા આવે !' એક આટલું લેવા જઈએ ત્યાર હોરું કેટલી વળગાડ, કેટલી બધી પરવશતાઓ ! એ પરવશતા પાછી સહન થાય નહીં.

જન્મ્યા ત્યારે એક બાજુના સગા હતા, ફાધર-મધર ને શાદી કરી ત્યારે સસરો, સાસુ, વડસાસુ, માસીસાસુ, એ બધું ભેગું થયું. તે ગૂંચવાડો ઓછો હતો, તે પાછો વધાર્યો !

**પ્રશ્નકર્તા :** આ મન-વચન-કાયાના જ લફરા ગમતા નથીને હવે !

**દાદાશ્રી :** આમાં તો છ ભાગીદાર છે. પૈણ્યા એટલે એમાં પાછા બીજા છની ભાગીદારી, એટલે બાર ભાગીદારોનું કોર્પોરેશન ઊભું થયું પાછું. છમાં તો કેટલી બધી લઢવાડો ચાલે જ છે, ત્યાં પાછી બારની લઢવાડો ઊભી થાય. પછી દરેક છોકરે છોકરે નવા છ ભાગીદારો પાછા મહીં ઉમેરાય. એટલે કેટલી ફસામણ ઊભી થઈ જાય !

એના કરતા એ દુકાન કાઢીએ (લગ્ન કરીએ) જ નહીં તે શું ખોટું ? દુકાન વગર પડી રહેવું તે સારું. આવી દુકાન કાઢવી ને પછી ફસામણ થઈ જાય ! આને મનુષ્યપણું કેમ કહેવાય ?

## લાલચના પોઈઝનથી ફસાયું જગત

**પ્રશ્નકર્તા :** પણ દાદા, ફસામણનું કારણ શું ?

**દાદાશ્રી :** કૂતરાંને એક પૂરી દેખાડી ને, એમાં તો એની બધી 'ફેમિલી'ને પણ ભૂલી જાય. એના છોકરાં, કુરકુરિયાં બધાયને ભૂલી જાય અને આખું પોતાનું સ્થાન છે, જે લત્તામાં રહેતો હોય તેય ભૂલી જાય અને ક્યાંય જઈને ઊભો રહે છે ! લાલચની હારુ પૂંછડી પટપટાવતો હોય, એક પૂરીને માટે ! લાલચ, જેનો હું 'સ્ટ્રોંગ' વિરોધી છું. લોકોમાં હું લાલચ દેખું ત્યારે મને થાય, આવી લાલચ બધી ? 'ઓપન પોઈઝન' છે ! મળી આવે એ ખાવું, પણ લાલચ ના હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે લાલચમાં સારા-નરસાનો વિવેક નહીં રહેતો હોય.

**દાદાશ્રી :** લાલચ તો, જાનવર જ કહી દો ને એને ! મનુષ્યરૂપે જાનવર જ ફર્યા કરે છે. થોડી ઘણી લાલચ તો બધાને હોય, પણ એ લાલચ નભાવી લેવાની. પણ જેને લાલચુ જ કહેવામાં આવે છે, એ તો જાનવર જ જોઈ લો ને, મનુષ્યરૂપે !

એટલે લાલચોથી આ જગત બંધાયેલું છે. અલ્યા, કૂતરાં-ગધેડાંને લાલચ હોય, પણ આપણને લાલચ કેમ હોય ? લાલચ તે હોતી હશે ?

આ ઉંદર પાંજરામાં ક્યારે આવે છે ? પાંજરામાં ક્યારે ઝડપાઈ જાય છે ?

**પ્રશ્નકર્તા :** લાલચ હોય ત્યારે.

**દાદાશ્રી :** હા, ઢેબરાંની સુગંધ આવી અને ઢેબરું ખાવા ગયો કે મહીં તરત ફસાય. પાંજરાની મહીં ઢેબરું દેખ્યું કે બહાર રહ્યો એ તલપાપડ થયા કરે કે 'ક્યારે પેસું ? ક્યારે પેસું ?' પછી મહીં પેસી જાય એટલે પેલું (બારણું) એની મેળે જ વસાઈ જાય. એટલે સર્વ દુઃખનું મૂળ લાલચ છે.

## વિષયની લાલચ, કેવી હીન દશા !

**પ્રશ્નકર્તા :** હવે આ વિષયમાં સુખ લીધું, એના પરિણામે પેલા ઝઘડાં ને ક્લેશ બધું થાયને ?

**દાદાશ્રી :** બધું આ વિષયમાંથી જ ઊભું થયું છે અને સુખ કશુંય નહીં પાછું. સવારના પહોરમાં દિવેલ પીધા જેવું મોઢું હોય, જાણે દિવેલ પીધેલું ના હોય !

**પ્રશ્નકર્તા :** એ તો કંપારી છૂટે કે આટલા બધા દુઃખો આ લોકો સહન કરે છે, આટલા સુખને માટે !

**દાદાશ્રી :** એ જ લાલચ છે ને, આ વિષય ભોગવવાની ! પછી એ તો નર્કગતિનું દુઃખ ત્યાં ભોગવે ને, ત્યારે ખબર પડે કે શું સ્વાદ ચાખવાનો છે આમાં ? ને વિષયની લાલચ એ તો જાનવર જ કહી દો ને ! વિષયમાં ઘૃણા ઉત્પન્ન થાય તો જ વિષય બંધ થાય, નહીં તો વિષય શી રીતે બંધ થાય ?

આ વિષયની ઈચ્છા તો બહુ બળતરા આપે, જબરજસ્ત બળતરા આપે. તેથી એમ કહ્યું છે ને, કે વિષયમાં પડશો જ નહીં, બહુ બળતરા આપે છે.

## આબરૂદાર જગતની પોલંપોલ

આ તો બધું બનાવટી જગત છે ! ને ઘરમાં કકળાટ કરી, રડી અને પછી મોઢું ધોઈને બહાર નીકળે ! આપણે પૂછીએ, 'કેમ ચંદુભાઈ ?' ત્યારે એ કહે, 'બહુ સારું છે.' અલ્યા, તારી આંખમાં તો પાણી છે, મોઢું ધોઈને આવ્યો હોય પણ આંખ તો લાલ દેખાયને ?

આ બહાર તો ધણી છીટ-છીટ કર્યા કરે. બૈરીનો માર પોતે ખાતો હોય તોય બહાર કહે કે 'ના, ના, એ તો મારી દીકરીને મારતી હતી !' અલ્યા, મેં જાતે તને મારતાં જોયું હતુંને ? આનો શો અર્થ ? 'મીનિંગલેસ.' એના કરતા કહી નાખને કે મારે ત્યાં આ દુઃખ છે. આ તો બધા એમ જાણે કે બીજાને ત્યાં દુઃખ નથી, મારે ત્યાં જ છે. ના અલ્યા, બધા જ રડ્યા છે. એકેએક ઘેરથી રડીને મોઢા ધોઈને બહાર નીકળ્યા છે. આય એક અજાયબી છે ! મોઢા ધોઈને શું કામ નીકળો છો ? ધોયા વગર નીકળો તો લોકોને ખબર પડે કે આ સંસારમાં કેટલું સુખ છે ! હું રડતો બહાર નીકળું, તું રડતો બહાર નીકળે, બધા રડતા બહાર નીકળે એટલે ખબર પડી જાય કે આ જગત પોલું જ છે. નાની ઉંમરમાં બાપા મરી ગયા તે સ્મશાનમાં રડતા રડતા ગયા. પાછા આવીને નહાયા એટલે કશું જ નહીં ! નહાવાનું આ લોકોએ શીખવાડેલું. નવડાવી-ધોવડાવીને ચોખ્ખો કરી આપે. એવું આ જગત છે ! બધા મોઢા ધોઈને બહાર નીકળેલા, બધા પાકા ઠગ. એના કરતા ખુલ્લું કર્યું હોય તો સારું. બહુ પાકા લોક છે ! અને અહીં જે પાકા થયા એ ભગવાનને ત્યાં માર્યા જ ગયા જાણો !

## સપડાયું જગત ત્રણ વેદમાં

આ કુદરતની રમતમાં ત્રણ વેદ જ ના હોત તો સંસાર જીતી જવાત. આ ત્રણ વેદ ના હોત તો શું બગડી જાત ? પણ બધું બહુ છે આનાથી તો. ઓહોહો ! એટલી બધી રમણતા છે ને એનાથી તો ! આ વિષયને વેદ તરીકે ના રાખ્યો હોત અને જેમ આ ખોરાક ખાઈએ છીએ, એ રીતે એક કાર્ય તરીકે રાખ્યો હોત તો વાંધો નહોતો. પણ આ તો વેદ તરીકે રાખ્યો, વેદનીય તરીકે રાખ્યો. આ ડખો જ બધો ત્રણ વેદનો છે. ભૂખ શમાવવા માટે ખાવાનું છે. લાગેલી ભૂખ શમાવો. જ્યાં પૂરણ કરવાનું એ બધી ભૂખ કહેવાય. ભૂખ એ વેદના શમાવવાનો ઉપાય છે, એમ બધા વિષયો વેદના શમાવવાના ઉપાય છે. જ્યારે આ લોકોને વિષયનો શોખ થઈ ગયો ! અલ્યા, શોખીન ના થઈ જઈશ. ત્યાં લિમિટ (મર્યાદા) ખોળી કાઢજે ને નોર્માલિટીમાં રહેજે.

**પ્રશ્નકર્તા :** વેદ તરીકે નહીં લેવાનું, એ તમે શું કહેવા માગો છો ?

**દાદાશ્રી :** લોકો વેદે છે એટલે ટેસ્ટ ચાખે છે. ટેસ્ટ ચાખવો, ટેસ્ટને માટે ખાવું એ ભૂખ ના કહેવાય. ભૂખ મટાડવા રોટલો ને શાક ખાવાના છે, ટેસ્ટને માટે નહીં. ટેસ્ટ માટે ખાવા જશો તો રોટલો અને શાક તમને ભાવશે જ નહીં. ટેસ્ટ લેવા ગયો માટે વેદ થઈ ગયો છે. 'ભૂખ'ને માટે જ 'ખાય', એટલો તું ડાહ્યો થઈ જા. તો પછી મારે તને કશું કહેવું જ ના પડેને ! ત્રણ વેદથી આ બધું જગત સડે છે, પડે છે.

## લોકસંજ્ઞાએ પડી ડબલ બેડની પ્રથા

અત્યારે તો આજના જમાનાના બધા ભણેલા લોકોએ ડબલ બેડ લાવી આપ્યો બાબાને. મેરચક્કર, અત્યારથી આવું શીખવાડું છું ? ડબલ બેડ હોતો હશે મૂઆ ? એ તો વાઈલ્ડનેસ પેસી ગઈ. જે બ્રહ્મચારીઓનો દેશ, વાનપ્રસ્થાશ્રમને પૂજનારો દેશ ત્યાં ! ડબલ બેડનો અર્થ સમજી ગયાને તમે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પૈણાવતા પહેલા ડબલ બેડ વેચાતું મંગાવે. બાપો મંગાવે એટલે પેલા છોકરાં એમ જાણે કે આપણા બાપ-દાદા એમને લઈ આપતા હશે, એવું આપણને લઈ આપે છે. વારસાગતથી રિવાજ છે આ. આ કેટલી બધી હિંસા ! આ તો આપણા મહાત્માઓને

કહેવાય, બહાર તો બોલાય નહીં. એ તો જેને આ પ્રાપ્તિ થઈ છે, તેના માટે વાત છે. બહાર તો જે પ્રવાહ ચાલી રહ્યો છે એ પ્રવાહના અવળા ચાલીએ એ ગુનો છે. એ કુદરતી પ્રવાહ છે. આ તો મહાત્માઓ પૂરતી વાત છે. આ સાપેક્ષ વાત છે, આ કંઈ નિરપેક્ષ વાત નથી. જે ડાહ્યા થઈ શકે એવા છે તેના પૂરતી, બહાર તો વાત કહેવાય જ નહીંને ! આ તો દુનિયા કંઈ ફરવાની છે ? દુનિયા તો એના રંગેરાગે જ ચાલ્યા કરવાની છે. ડબલ બેડ જ વેચાતું લાવે. હું બહાર બૂમ પાડું ને તો 'ગાંડા' કહે, હું બૂમ પાડું જ નહીં ને મને 'ગાંડા' કહે એવું કહુંયે નહીં.

**પ્રશ્નકર્તા :** આ વિષયની વિરુદ્ધ બોલીએ, તો ઊલટું આ જગતના લોકો 'ગાંડા' કહે કે આ 'ઓલ્ડ માઈન્ડેડ' (જુનવાણી) છે.

**દાદાશ્રી :** એવું બોલાય નહીં ને એવો કાયદોય નહીંને ! અને આ વિષય છે તો લગનવાળા છે, આ વાજાંવાળા છે, આ માંડવાવાળા છે. એટલે આ છે તો બીજું બધું છે, એટલે કશું બોલાય નહીં. આ તો જેને મોક્ષે જવું હોય, તેને જાણવા જેવું. બીજાને કશું આવું જાણવાની જરૂર જ નથીને !

આ બાબતમાં વિચાર્યું જ નથીને ! આ કોઈએ કહ્યું નથી. આમાં તો ઠપકોએ નથી આપ્યો કોઈએ, સમજણ જ પાડી નથી. ઊલટી આને ઉત્તેજના આપ્યા કરી કે ડબલ બેડ જોઈએ, આમ જોઈએ, તેમ જોઈએ.

**પ્રશ્નકર્તા :** આ જે સાથે સૂવાની પ્રથા છે, એ અમુક પ્રથાઓ જ ખોટી છે ?

**દાદાશ્રી :** એ બધી પ્રથાઓ ખોટી છે. આ તો સમજણવાળી પ્રજા નહીંને, તે ઊંધું ઘાલી દીધું છે બધું ! પછી છોકરાં-છોકરીઓ એમ જ માની લે છે કે આ પ્રમાણે હોય જ, આ જ મુખ્ય વસ્તુ છે. તેય જો સ્ત્રીને એના ધણીમાં જ ચિત્ત કાયમ રહેતું હોય તો વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** પણ તે કાયમ રહેતું નથીને !

**દાદાશ્રી :** અરે ! બીજું જુએ છે ત્યારે પાછો બીજો ડખો કરે છે. એટલે આ ભાંજગડ છે. એ મૂળમાંથી ઉડાડી દેવા જેવી વસ્તુ છે. એનાથી જ બધો સંસાર ઊભો રહ્યો છે.

ડબલ બેડની સિસ્ટમ બંધ કરો ને સિંગલ બેડની સિસ્ટમ રાખો. પહેલા હિન્દુસ્તાનમાં કોઈ માણસ આવી રીતે સૂતો નથી. કોઈ પણ ક્ષત્રિય નહીં. ક્ષત્રિય તો બહુ કડક હોય પણ વૈશ્યેય નહીં. બ્રાહ્મણોય આવી રીતે નહીં સૂવે, એક પણ માણસ નહીં ! જો કાળ કેવો વિચિત્ર આવ્યો ! આપણે ત્યાં તો ઘરમાં જુદી રૂમ નહોતા આપતા પહેલા.

પહેલા તો કો'ક દહાડો વહુ ભેગી થઈ તે થઈ, નહીં તો રામ તારી માયા ! કુટુંબ મોટા હોય એટલે સંયુક્ત કુટુંબ તે. અને અત્યારે તો રૂમ જુદી તે જુદી, બેડ પણ સ્વતંત્ર, ડબલ બેડ. આ તો બહુ ઝીણી વાત નીકળે છે.

## એકાંત શૈયાનો ચળકાટ

**પ્રશ્નકર્તા :** તો દાદા, પથારી કેવી હોવી જોઈએ ?

**દાદાશ્રી :** મૂઆ, એક પથારીમાં તે સૂવાતું હશે ? અલ્યા, કઈ જાતનો માણસ છે તે ? એ સ્ત્રીનીય શક્તિ ઊડી જાય અને બીજી એની (પુરુષની) શક્તિ, બન્નેની શક્તિ ડિફોર્મ થઈ જાય છે. ફોરેનવાળાને માટે બરોબર છે, પણ એમનું જોઈને આપણેય લાવ્યા ડબલ બેડ, કિંગ બેડ !

ખરા પુરુષો કેવા હોય ? અમારા ગામની વાત કરું. બ્રહ્મચર્યની વાત નીકળી ત્યારે મને સારા-સારા માણસો ભેગા થયેલા. નાનપણથી જ એવા સંયોગો લઈને આવેલો. તે એક પુરુષ સિતેર વર્ષના દેખાવડા હતા. એમની યાદશક્તિ સુંદર, મોઢા ઉપર નૂર કેટલું બધું ! મેં કહ્યું, આ દેખાવડા શી રીતે હશે ? આમાં કંઈ જ્ઞાન-બાન હશે ? જ્ઞાની દેખાવડો હોય કે કાં તો બ્રહ્મચારી થોડો દેખાવડો હોય ! એટલે મેં કહ્યું, આમનામાં કંઈ જ્ઞાન હોય નહીં, માટે આપણે બધી

તપાસ કરો કે શું કારણ છે આની પાછળ ? તે અમારા સગા થતા હતા ને ત્યારે મારી સત્તર વર્ષની ઉંમર ! આ પટેલ આવા દેખાય છે, બીજા પટેલ બધા આવા દેખાય છે. આ પટેલમાં કંઈક અજાયબી છે ! એના છોકરાં કંઈ રૂપાળા !

એક દહાડો હું એમના ત્યાં ગયો. ત્યારે મેં કહ્યું, 'કાકા, હું ઘરમાં અંદર જઈ આવું ?' એ ડેલામાં બેસી રહે. ઘરેય ખરુંને, ડેલુંય ખરું બેસવાનું. બેઠકનો રૂમ, નવો જુદો. ત્યાં બસો-ત્રણસો ફૂટ છેટે ઘરથી. પછી, 'બેસને, હવે અહીં ચા મંગાવું છું. તું બેસ અહીં. ચા મારી આવશે, તુંય ચા થોડી પીજે.' ત્યારે મને ગમ્યું. મારે એમની જોડે કોઈ પણ રસ્તે વાત કરવી'તી. એટલે પછી મેં કહ્યું, 'કાકા ક્યાં સૂઈ જાવ છો તમે ?' ત્યારે કહે, 'મારે અહીં સૂઈ જવાનું.' મેં કહ્યું, 'કેટલા વર્ષથી ?' ત્યારે, 'જ્યારથી પૈણ્યો ત્યારથી અહીં.' 'હેં', હું તો ચમક્યો. મેં કહ્યું, 'આ શું ?' ત્યારે હું વધારે ઊંડો ઊતર્યો. 'કાકા, મને આમાં ઈન્ટરેસ્ટ છે. થોડી વાત કરોને. આ કાકી કોઈ દહાડો અહીં આવે છે ?' ત્યારે કહે, 'મહિનામાં બે દહાડા બોલાવવાના, બસ.' મેં કહ્યું, 'આ હારો ચળકાટ ! આ અજવાળું શેનું ? ક્યાંથી લાયા ? તમે પાટીદાર !' ત્યારે મેં કહ્યું, 'શું કરો છો ?' ત્યારે એ કહે, 'કોઈ દહાડો એક પથારીમાં સૂઈ ગયો નથી અને પાંત્રીસ વર્ષથી વાનપ્રસ્થાશ્રમમાં જ છું.' ધન્ય છે કાકા, આ ઉંમરમાં ! હું તો સજ્જડ થઈ ગયો. ત્યારથી મને એ ચેપ લાગી ગયો બધો. પછી પથારી જુદી સમજતો થયો. અને અત્યારે તો બાપ દીકરાને કહે, 'જા, ડબલ બેડ લઈ આવ, ભલે ત્રણસો ડોલર લેતા હોય.' એટલે પેલો જાણતો જ નથી કે બાપાયે ડબલ બેડમાં હતા, એમના દાદાયે ડબલ બેડમાં હશે. મૂઆ, દાદાને હતો જ નહીં આવો ડબલ બેડ ! આવું ના બોલવું જોઈએ છતાં જો બોલું છું ને ! આવું ના બોલવું જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** શા માટે નહીં ?

**દાદાશ્રી :** કોઈને દુઃખ થાયને ! આવી રીતે બોલીએ પણ અમે તો જ્ઞાની પુરુષ એટલે કોઈને દુઃખ ના થાય. હું ગમે તેવું બોલું તોય અમને જ્ઞાની પુરુષને અંદર વીતરાગતા હોય અને રાગ-દ્વેષ ના હોય. અમને કોઈની પર ચીડ ના હોય. એટલે અમે બોલી શકીએ. પણ આ તમે સમજ્યાને ? આ બ્રહ્મચર્યનું પૂછયું ત્યારે મારે આ ઉઘાડું કહેવું પડ્યું, નહીં તો હું કહું નહીં આવું.

## કળિયુગની કળવી દશા, પૈસા આપી ભોગવે

પહેલા તો રિવાજ હતો કે પૈણતી વખતે શરત એટલી જ હોય કે એક-બે છોકરાં ઉત્પન્ન થાય એટલા પૂરતો જ વિષય હોય, પણ આ તો છોકરાંના કારખાના કાઢ્યા ! ચાર-આઠ થાય, કોઈને ડઝનેય થાય ! છોકરાંની જરૂર ના હોય તોય વિષય કરે છે. અલ્યા, છોકરાંની જરૂર નથી, હવે તારે વિષય શું કરવો છે ? પણ એમાં એને ટેસ્ટ આવે છે ! બાકી (પહેલા તો) બિલકુલ વિષય જ નહીં. વિષયમાં એ લોકો પડે જ નહીં. એ લોકોને લાખ રૂપિયા આપો તોય વિષય કરવા તૈયાર ના હોય. એટલી એની જાગૃતિ હોય કે હું વિષય કરું તો ફોટો કેવો પડે ! જ્યારે આજે તો પાંચ હજાર આપીને વિષય કરેને ? કશું ભાન જ નથી આ લોકોને ! તને એવું લાગ્યુંને ?

**પ્રશ્નકર્તા :** એક્ઝેક્ટ છે દાદા, હંડ્રેડ પરસેન્ટ કરેક્ટ છે.

**દાદાશ્રી :** ત્યારે લોકોને કેમ આવું પોલું ચાલતું હશે ? કશું ભાન જ નથી કે ક્યાં જઈ રહ્યા છે. 'જ્ઞાની પુરુષ'ની પાસે વિષયની વાતો સાંભળી નથી, નહીં તો વિષય રહે જ નહીં, ઊડી જ જાય !

## કષાયોના મૂળમાં છે વિષયોના વમળ

**પ્રશ્નકર્તા :** મેં ઘણાં સારા મહાત્માઓ જોયા છે, મોટી મોટી જ્ઞાનની વાતો કરે છે પણ એમનો સ્થૂળ ક્લેશ નથી જતો. સૂક્ષ્મ ક્લેશ તો વખતે હોય, એ ના જાય, પણ સ્થૂળ ક્લેશ આપણાથી કેમ ના જાય ?

**દાદાશ્રી :** આ બધાનું મૂળ છે વિષય. અને આ દુનિયામાં મોટામાં મોટી ફસામણ હોય તો વિષય અને એમાં કશુંય સુખ નથી, બળ્યું ! સુખમાં કશુંય નથી અને એના ઝઘડા પાર વગરના ઊભા થાય છે ! ડખાડખ શાથી ઘરમાં થાય છે ? બેઉ વિષયી હોય, પછી આખો દહાડો અથડામણ થયા કરે.

**પ્રશ્નકર્તા :** પણ મને એ સમજણ પડતી નથી કે ક્લેશ અને વિષયને મેળ કેમનો ખાતો હશે ? મારઝૂડ સુધીનો ક્લેશ અને વિષય, એ બેને મેળ કેમનો ખાય ? શું માણસ ત્યારે આંધળો બની જતો હશે ?

**દાદાશ્રી :** અરે, સામસામી મારે.

**પ્રશ્નકર્તા :** હા, પણ વિષયના પરમાણુ ઊભા થાય ત્યારે આંધળો બની જતો હશે ? એને મહીં યાદ નહીં આવતું હોય કે આપણે મારામારી કરતા હતા ?

**દાદાશ્રી :** આ મારામારી કરે ને, ત્યારે તો વિષયની મઝા આવે એમને ! પાછું સ્વમાન જેવું કશું નહીં. પેલી આને ધોલ મારે, ત્યારે આ પેલીને ધોલ મારે. પાછો ધણી અમને આવીને કહી જાય કે મને મારી બૈરી મારે છે ! ત્યારે હું કહુંય ખરો કે હેં, તારે તો આવી મળી ? તો તો તારું કલ્યાણ થઈ જાય (!)

**પ્રશ્નકર્તા :** આ બધો ફજેતો સાંભળતાં જ આમ ત્રાસ થઈ જાય કે આ લોકો કેવી રીતે જીવતાં હશે ?

**દાદાશ્રી :** છતાંય જીવે છે ને, દુનિયા તેં જોઈ ને ! અને ના જીવે તો શું કરે ? ત્યારે કંઈ મરી જવાય છે ?

**પ્રશ્નકર્તા :** પણ આપણને આ બધું જોઈને કંપારી છૂટી જાય. પાછું એમ થાય કે રોજ ને રોજ આવા જ ઝઘડા ચાલ્યા કરે, છતાં ધણી-બૈરીને આનો ઉકેલ લાવવાનું મન ના થાય, એ અજાયબી છે ને !

**દાદાશ્રી :** એ તો કેટલાંય વર્ષોથી પૈણ્યા ત્યારથી આવું ચાલે છે. પૈણ્યા ત્યારથી એક બાજુ ઝઘડાંય ચાલુ છે અને એક બાજુ વિષયેય ચાલુ છે ! તેથી તો અમે કહ્યું કે તમે બન્ને બ્રહ્મચર્ય વ્રત લઈ લો, તો ઉત્તમ લાઈફ થઈ જાય. એટલે આ બધી વઢવાડ પોતાની ગરજના માર્યા કરે છે. પેલી જાણે કે એ છેવટે ક્યાં જવાના છે ? પેલોય જાણે કે એ ક્યાં જવાની છે ? આમ સામસામી ગરજથી ઊભું રહ્યું છે.

વિષયમાં સુખ કરતાં વિષયથી પરવશતાના દુઃખ વિશેષ છે, એવું જ્યારે સમજાય ત્યારે પછી વિષયનો મોહ છૂટે અને તો જ સ્ત્રી જાતિ પર પ્રભાવ પાડી શકે અને એ પ્રભાવ ત્યાર પછી નિરંતર પ્રતાપમાં પરિણમે. નહીં તો આ જગતમાં મોટા મોટા મહાન પુરુષોએ પણ સ્ત્રી જાતિથી માર ખાધેલો. વીતરાગો જ આ વાતને સમજી ગયેલા. એટલે એમના પ્રતાપથી જ સ્ત્રીઓ દૂર રહેતી. નહીં તો સ્ત્રી જાતિ તો એવી છે કે ગમે તે પુરુષને જોતજોતામાં લટ્ટુ બનાવી દે, એવી એ શક્તિ ધરાવે છે. એને જ 'સ્ત્રી ચરિત્ર' કહ્યું ને ! સ્ત્રીથી છેટા જ રહેવું. એને કોઈ પણ પ્રકારના ઘાટમાં ના લેવી, નહીં તો તમે પોતે જ એના ઘાટમાં આવી જશો. અને આની આ જ ભાંજગડ કેટલાંય અવતારથી થઈ છે ને !

### વિષય-કષાયના મૂળિયામાં છે 'અજ્ઞાનતા'

**પ્રશ્નકર્તા :** રાગ-દ્વેષનું મૂળ સ્થાન જ શું વિષય છે ?

**દાદાશ્રી :** હા, જગતનું, બધાનું મૂળ અહીંથી જ ઊભું થયું છે. ને પૈણ્યા પછી પેલો મારે અને એના મારતા પહેલા પેલીય મારે ! એટલે બેઉ જોરદાર ને મજબૂત બને !

કકળાટ શેને લીધે થાય છે ? અબ્રહ્મચર્યથી. વિષયનો કંટ્રોલ નહીં હોવાથી કકળાટ છે આ બધો. નહીં તો સ્ત્રી-પુરુષોને કકળાટ કેવી રીતે થાય ? વિષયના કાબૂવાળાને કકળાટ હોય નહીં દુનિયામાં. તમને લાગે છે એવું વિચારતા ?

**પ્રશ્નકર્તા :** પશુઓને વિષય છે પણ કષાય નથી તેનું શું કારણ ?

**દાદાશ્રી :** વિષયનો જો દોષ હોત તો તો આ જાનવરો બધાને કષાય ઊભા થઈ જાય. એટલે અજ્ઞાનતાનો દોષ છે. આ જાનવરોને કંઈ અજ્ઞાનતા ગઈ નથી. એમને અજ્ઞાનતા છે, પણ એમનાં વિષયો લિમિટેડ છે. એટલે કષાય થાય જ નહીં, કષાય વધે જ નહીં અને આપણા લોકોના કષાય તો અન્‌લિમિટેડ થાય.

વિષયમાં અજ્ઞાનતા હોય ત્યારે કષાય ઊભા થાય અને જ્ઞાન હોય તો કષાય ના થાય. કષાય ક્યાંથી જન્મ્યા ? ત્યારે કહે, વિષયમાંથી. એટલે આ બધા કષાય ઊભા થયા છે તે બધા વિષયમાંથી ઊભા થયેલા છે. પણ આમાં વિષયનો દોષ નથી, અજ્ઞાનતાનો દોષ છે. રૂટ કૉઝ શું છે ? અજ્ઞાનતા. ક્રમિક માર્ગમાં વિષયો પહેલા બંધ કરવા પડે, તો જ કષાય બંધ થાય. તેથી તો બધા વિષયોનો ત્યાગ કરી કરીને દાટા મારી દેવાનાને ! તેય એવા પેચવાળા દાટા કે એની મેળે ખૂલી ના જાય. એવા દાટા હોય નહીં તો દાટા લપટા પડી જાય. ખાવાનું બધું ભેળું કરીને ખાવાનું, જેથી જીભનો વિષય ચોંટે નહીં. એમ આંખનો વિષય ચોંટે નહીં, કાનનો વિષય ચોંટે નહીં, નાકનો વિષય ચોંટે નહીં, સ્પર્શનો વિષય ચોંટે નહીં, એવા પેચવાળા દાટા મારવાના.

તમે જો સમકિતમાં રહો તો વિષય તમારો નડતો નથી. કારણ કે વિષય એ ગયા ભવનું પરિણામ છે, આ ભવનું નથી એ. સમકિતમાં રહો ને કષાય, એ બે સાથે ના બને. કષાય તો પરભવનું કારણ છે. આવું જો કષાય અને વિષયને જુદા પાડ્યા હોત તો લોકો વિષયથી આટલા બધા ભડકત નહીં, પણ એ તો કહેશે કે આવું બને જ નહીંને ! વિષય તો ના હોવો જોઈએ ને !

## હવે તો ડિસિઝન લો

આ સ્ત્રી-પુરુષના વિષય જે છે ને, તેમાં દાવા મંડાય. કારણ કે આ વિષયમાં બેની એક માલિકી છે અને મત બન્નેના જુદા છે. એટલે જો સ્વતંત્ર થવું હોય તો આ ગુનેગારીમાં આવવું ન ઘટે અને જેને તે ગુનેગારી ફરજિયાત છે, એને એનો નિકાલ કરવો પડે.

**પ્રશ્નકર્તા :** ગુનેગારીમાં ના આવવું પડે, એટલા માટે પરણવું ના જોઈએ ?

**દાદાશ્રી :** પરણવું ના જોઈએ કે પરણવું જોઈએ, એ આપણી સત્તાની વાત નથી. તારે નિશ્ચયભાવ રાખવો જોઈએ કે આમ ના હોય તો ઉત્તમ. જેમ ગાડીમાંથી પડવું જોઈએ, એવી ઈચ્છા કોઈને હોય છે ? આપણી ઈચ્છા કેવી હોય છે કે પડી ના જવાય તો સારું. છતાં પડી જવાય તો શું થાય ? એવી રીતે પરણવા માટે 'ના પડી જવાય તો સારું', એવા ભાવ આપણાં રહેવા જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે પરણવું એટલે ગાડીમાંથી પડી જવા બરાબર છે ?

**દાદાશ્રી :** એવી રીતે જ છે ને, પણ એ ના છૂટકે જ હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** પછી એને નાટકમાં લેવું પડે ?

**દાદાશ્રી :** હાસ્તો, પછી છૂટકો જ નહીંને !

**પ્રશ્નકર્તા :** પરણવામાં આટલું બધું જોખમ છે, એ સુખ દરાજ જેવું છે, તો પછી આ બધા જે પૈણે છે તે ના છૂટકે પૈણ્યા છે ? કેમ પૈણે છે ?

**દાદાશ્રી :** લોકો તો ખુશીથી, શોખથી પૈણે છે. 'આમાં દુઃખ છે' એવું જાણતા નથી. એ તો એવું જ જાણે છે કે સરવાળે આમાં સુખ છે. થોડીઘણી ખોટ હોય પણ સરવાળે નફાવાળી આઈટમ (વસ્તુ) છે એવું લોક જાણે છે, જ્યારે ખરી હકીકતમાં તદ્દન ખોટ જ છે. એ જ્યારે 'ઈન્કમટેક્ષ' ઑફિસમાં જાય ત્યારે ખબર પડે કે આ બધી જ ખોટ હતી. અને તેય આપણા હાથમાં સત્તા નથીને ! આ ભવમાં આપણા હાથમાં નથીને ? આ ભવમાં તો અત્યારે હવે નવેસરથી આપણને 'ડિસિઝન' (નિર્ણય) આવી જાય, એટલે ચોખ્ખું થઈ જાય.

## વિસરાય આત્મા બેડરૂમમાં

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન લીધા પછી સતત કેવળ આ ભાવ કરું છું છતાં નથી છૂટતું, તો શું કરવું ?

**દાદાશ્રી :** ના, પણ એ તો પહેલાનો હિસાબ છે ને ! એટલે છૂટકો જ ના થાય.

**પ્રશ્નકર્તા :** વિષય નથી પણ હૂંફને માટે. એમ થાય કે ના, સાથે સૂવું જ છે.

**દાદાશ્રી :** ના, એમ નહીં પણ એ તો જે હિસાબ છે ને, તે હિસાબ બધો ચૂકતે થાય છે. હા, એ હિસાબ ચૂકતે થયો ક્યારે કહેવાય, સાથે સૂઈ જતા હોય અને ના ગમતું હોય એ બધું, અંદર ગમતું ના હોય અને સૂઈ જવું પડતું હોય, ત્યારે હિસાબ ચૂકતે થયા. પણ ગમે છે કે નહીં એટલું તો પૂછી લેવું.

**પ્રશ્નકર્તા :** પોતાને ગમે, પણ મહીંથી પ્રજ્ઞાશક્તિ અથવા સમજ ચેતવે છે.

**દાદાશ્રી :** મનને તો ભલે ગમે, પણ આપણને ગમે ?

તમને સમજાયુંને, આ ભૂલ ક્યાં છે, કેવી થયેલી છે ? અને ભૂલ તો ભાંગવી પડશે ને ? પ્રારબ્ધમાં હોય તે ભોગવવાનું, પણ ભૂલ તો ભાંગવી જ પડેને ? ભૂલ ભાંગવી ના પડે ?

અલ્યા, 'બેડરૂમ' ના કરાય. એ તો એક રૂમ હોય, તે બધા ભેગા સૂઈ રહેવાનું ને પેલી તો સંસારી જંજાળ ! આ તો 'બેડરૂમ' કરીને આખી રાત સંસારની જંજાળમાં પડ્યો હોય. પછી આત્માની વાત તો ક્યાંથી યાદ આવે ? 'બેડરૂમ'માં આત્માની વાત યાદ આવતી હશે ?

આ તો મનુષ્યપણું ખોઈ નાખે છે. આખા બ્રહ્માંડને ધ્રુજાવે એવા લોક, જુઓને, આ દશા તો જુઓ ! આ હીન દશા જુઓ ! તમે સમજ્યા મારી વાત ?

આત્મામાં કેટલી શક્તિ હશે ? અનંત શક્તિઓ છે આત્મામાં. પણ બધી શક્તિઓ આવરેલી પડેલી છે. જ્યારે 'જ્ઞાની પુરુષ' પાસે જાવ ત્યારે એ આવરણ કાઢી આપે ને આપણી શક્તિઓ ખીલી ઊઠે. મહીં સુખેય પાર વગરનું પડ્યું છે, છતાં વિષયોમાં સુખ ખોળે છે.

## એમાં ગંદવાડો દેખાય તો એ જાય

**પ્રશ્નકર્તા :** તો આ વિષયથી કેવી રીતે ખસાય ?

**દાદાશ્રી :** એકવાર એવું સમજે કે આ ગંદવાડો છે, તો ખસાય. બાકી આ તો ગંદવાડો છે, એવુંય સમજ્યો જ નથી. એટલે એવી પહેલા સમજ આવવી જોઈએ. અમને જ્ઞાનીઓને તો બધું 'ઓપન' દેખાય. એમાં શું શું હશે, તે મતિ તરત જ ચોગરદમ બધે ફરી વળે. મહીં કેવો ગંદવાડો છે ને શું શું છે, તે બધું દેખાડી દે. જ્યારે આ તો વિષયો જ નથી, વિષયો તો જાનવરોને હોય. આ તો ખાલી આસક્તિ જ છે. બાકી વિષય તો કોનું નામ કહેવાય કે પરવશપણે કરવું પડે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવના આધારે પરવશપણે કરવું પડે. તે આ જાનવરોને બિચારાને હોય છે.

આ બ્રહ્મચર્યની કિંમત હશે ખરી ? અબ્રહ્મચર્ય એ શું ગુનો છે, એ લોકોના ખ્યાલમાં જ નથી. અને હું કંઈ બાવા થવાનું નથી કહેતો. સંસારી થઈને બ્રહ્મચર્ય પાળો. અને સંસારી થઈને જે બ્રહ્મચર્ય નથી પાળતા એ પાશવતા જ છે, ઉઘાડી-ખુલ્લી પાશવતા છે.

**પ્રશ્નકર્તા :** તો પછી પરવશતાથી ના કરે તો આસક્તિ કહેવાય ?

**દાદાશ્રી :** આસક્તિ જ કહેવાયને ! આ તો શોખથી જ કરે છે. બે પલંગ વેચાતા લાવે છે ને જોડે મૂકે છે ને મચ્છરદાની એક આખી લાવે છે. અલ્યા, આ તે કંઈ ધંધો છે ? મોક્ષે જવું હોય તો મોક્ષે જવાના ચાળા હોવા જોઈએ. મોક્ષે જવાના ચાળા કેવા હોય ? એકાંત શૈયાસનના. શૈયા ને આસન એકાંત હોય.

જ્યાં સુધી જે બાબતમાં અંધ છે, તે બાબતમાં ત્યાં સુધી દૃષ્ટિ ખીલે જ નહીં ને ઊલટો વધારે ને

વધારે અંધ થતો જાય. એનાથી દૂર રહે, ત્યાર પછી છૂટો થાય. ત્યારે એની દૃષ્ટિ ખીલતી જાય, પછી સમજાતું જાય.

### પોલા જગતના પોલા લોકો, ના ખોલે હકીકતો

**પ્રશ્નકર્તા :** એમાં સાચું સુખ નથી, પણ એકદમ લિમિટેડ ટાઈમ માટે તો છે, છતાંય એ છૂટતું નથીને !

**દાદાશ્રી :** ના, એમાં સુખ જ નથી. એ તો માન્યતા જ છે ખાલી. એ તો મૂરખ માણસોની માન્યતા જ છે. આ તો હાથને હાથ ઘસીએ તો સુખ પડે તો જાણીએ કે આ ચોખ્ખેચોખ્ખું સુખ છે, પણ આ વિષય તો નર્યો ગંદવાડો જ છે. જો કોઈ બુદ્ધિશાળી માણસ એ ગંદવાડાનો હિસાબ કાઢે તો એ ગંદવાડા ભણી જાય જ નહીં. હમણાં કેળા ખાવાના હોય તો એમાં ગંદવાડો નથી અને એ ખાવાથી સુખ ખરું, પણ આ તો નર્યા ગંદવાડાને જ સુખ માન્યું છે. શા હિસાબે માને છે, તેય સમજાતું નથી.

આ વિષય વસ્તુ એવી છે કે એક જ દહાડાનો વિષય ત્રણ દહાડા સુધી કોઈ પણ પ્રકારની એકાગ્રતા ના થવા દે. એકાગ્રતામાં હાલમડોલમ થયા કરે. જ્યારે મહિના સુધી વિષય ના સેવે, તો એની એકાગ્રતામાં હાલમડોલમ ના થાય. આત્માનું સુખ તમને વર્તે છે, તેના આધારે તમે અહીં આવ્યા કરો છો. તમારી દૃષ્ટિ અહીં જ હોય છે, છતાંય પણ તમને આ સુખ આત્માનું છે કે વિષયનું છે એ ભેદ માલૂમ ના પડે. અજાણ્યા માણસને પહેલા જલેબી ખવડાવીએ ને પછી ચા પીવડાવીએ તો ? એવું જલેબીને લીધે ચા મોળી લાગે, એવું આમાં ભેદ માલૂમ ના પડે.

**પ્રશ્નકર્તા :** આવું તો કોઈએ કીધેલું જ નહીંને !

**દાદાશ્રી :** લોકોને પોલું બધું જોઈએ છે. એટલે કોઈ કહે જ નહીંને ! લોક પોતે ગુનેગાર છે, એટલે એ બોલે નહીંને ! બિનગુનેગાર હોય તે બોલે. કારણ કે એક જ ફેરાનો વિષય, તે કેટલા દહાડા સુધી માણસને ભ્રાંતિ છૂટવા ના દે. ભ્રાંતિ એટલે ડિસિઝન ના આવે કે આ આત્માનું સુખ કે આ પેલું સુખ, એવું ભાન થવા ના દે. આ જ્ઞાન સાથે જો બ્રહ્મચર્યવ્રત લીધું, પછી માથાકૂટ જ નહીંને ! ઉપાધિમાંય સુખ વર્ત્યા કરે. આ લોકો માંસની પૂતળી છે, એવું શાથી ભૂલી જતા હશે ? એવું છે ને, મૂર્છાથી એ એમાંથી જેમ જેમ સુખ લે, તેમ તેમ એની પર મૂર્છા આવે છે અને જો છ-બાર મહિના એમાંથી સુખ લે નહીં તો પછી એની મૂર્છા જાય. એટલે પાછું એને રેશમી ચાદરે વીંટેલું માંસ જ દેખાય.

### વિષયથી જરા ખસી તો જુઓ

વિષયમાં તો મરવા જેવું દુઃખ થતું હોય છે. વિષય હંમેશાં પરિણામે કડવો છે. શરૂઆતમાં એને એવું લાગે છે કે આ વિષય સુખદાયી છે, પણ પરિણામે તો એ કડવો જ છે. એનો વિપાકેય કડવો છે. પછી માણસ થોડીવાર તો મડદાલ થઈ જાય છે ! પણ એય છૂટકો નથીને ! એય ફરજિયાત છે. હવે તમે કઈ બાજુ જશો ? આમ કરવા જશો તોય ફરજિયાત છે ને તેમ કરવા જશો તોય ફરજિયાત છે. એટલે મારું કહેવાનું એ કે ફરજિયાતને ફરજિયાત જાણી અને એમાં મરજિયાતપણું છોડી દો, એમાં આપણી મરજી છે એ છોડી દો.

આત્માનું ખરું સુખ તો આ બ્રહ્મચારીઓ જ ચાખી શકે. જે સ્ત્રી રહિત પુરુષો છે, તે જ ચાખી શકે. પછી એમને 'સ્ટડી' (અભ્યાસ) જલદી થઈ જાય. કારણ કે જે પરણેલાઓ છે એમની પાસે આ સાચું સુખ કે પેલું, એ બેની તુલનાત્મક દૃષ્ટિ નથી. છતાંય ચાલવા દો ને ગાડું આપણે ! જે પરણેલા છે, એને અમારાથી એવું ઓછું કહેવાય કે તું કુંવારો થઈ જા ! એટલે અમે એને 'સમભાવે નિકાલ' કરવાનું કહ્યું છે. પણ વાતને સમજો એમ પણ કહીએ છીએ.

છ-બાર મહિના વિષયસુખ છોડી દે તો સમજાય કે આત્માનું સુખ ક્યાંથી આવે છે ! આ તો વિષય રહ્યો છે એટલે ત્યાં સુધી એને આમાં સાચું સુખ કયું, એનો ખ્યાલ નથી આવતો. તેથી અમે કહીએ છીએને,

વિષયમાંથી જરા ખસી તો જુઓ, તો સાચા સુખની ખબર પડશે. વિષયમાં સુખનું હોવાપણું છે જ નહીં. વિષયમાં તો સુખ હોતું હશે ? દરાજ થયેલી હોય અને આમ ઘસ ઘસ કર્યા કરે, દરાજ વલૂર વલૂર કરે ને બહુ મીઠું લાગે. પણ પછી એને લ્હાય બળે, એના જેવું છે.

## અજાગૃતિએ ફસાયા વિષયની ગારવતામાં

આ જગતના લોકો વિષયોની ફ્રીઝ જેવી ઠંડકમાં પડી રહ્યા છે. વિષયરૂપી ગારવતા છે, તેમાં પડી રહ્યા છે. એ કાદવ નર્યો ગંધાય છે. આ ગારવતામાં આખું જગત ફસાયું છે. ભલે ફસાયા હોય, ફસાયા તેનો સવાલ નથી, કેટલી મુદત માટે ફસાયા તેનોય સવાલ નથી, પણ આજથી નક્કી તો કરવું જોઈએ ને કે હવે આ ના જોઈએ ક્યારેય પણ. એના વિરોધી તો કાયમ રહેવું જોઈએ ને ? નહીં તો જો બે એકમત થઈ ગયું, અંદર-બહાર એકમત થઈ ગયું કે ખલાસ થઈ ગયું. તમારે કેટલું એકમત થાય છે કે જુદું રહે છે ?

**પ્રશ્નકર્તા :** જુદું રહે છે.

**દાદાશ્રી :** કાયમ ? મને નથી લાગતું કે આ શૂરવીરો (!) જુદા રહે એવા છે. આ શૂરવીરોના તે ગજા શા, જેને જાગૃતિ મંદ થયેલી છે ? નહીં તો વિષય તો ઊભો જ ના થાયને ! અને થાય તો વખતે પૂર્વ પ્રયોગ હોય તો. પણ ત્યારે પોતાની દૃષ્ટિ મીઠાશવાળી ના હોય, નરી કંટાળેલી દૃષ્ટિ હોય. જેમ ના ભાવતું ખાય છે ને, ત્યારે એનું મોઢું કેવું હોય ? ખુશમાં હોય ? મોઢું પણ ઊતરી ગયેલું હોયને ! પણ ખાધા વગર છૂટકો નથી. ભૂખના માર્યા ખાવું પડે છે. એટલે ના ભાવતું છે એને.

જગત એવી ગારવતામાં ફસી રહ્યું છે તે શી રીતે નીકળે ? પરાણે ખાવું પડે તે મોઢું ખુશમાં હોય કે ? પણ આ તો ઊતરી ગયેલા મોઢા જ નથી હોતા. જાણે બધા બગીચામાં ફરવા નીકળ્યા હોય એવા તો મોઢા દેખાય છે ! નહીં તો અમારા શબ્દો નોંધીને જો એ પ્રમાણે ચાલેને, તો પાછલા દોષ બધા નીકળી જાય. બાકી પૂર્વ પ્રયોગ તો છે જ, એમાં અમારાથી ના કહેવાય નહીંને ! આ ખાવું પડે એ પૂર્વ પ્રયોગના આધારે, પણ આપણું મોઢું ઊતરી ગયેલું હોવું જોઈએ. પેલો કહે કે 'જમવા' બેસો. ત્યારે પોતે પરાણે, ખેંચાતા મને જમવા બેસે. એવું ખેંચાતા મને કોઈ દહાડોય ખાધેલું ખરું ? એમાં બહુ મજા આવે ? એટલે આનો કાયદો જો સમજે કે આની ઉપર દાઝ, દાઝ ને દાઝ જ રહેવી જોઈએ. પણ આ તો તલાવડી દીઠી કે ભેંસ ખુશ ! ફ્રીઝ આવ્યું ! હવે શું થાય આને તે !

એટલે આ બધું ગારવતામાં ફસાઈ ગયેલું છે, તેથી પ્રભુને વિનંતી કરે છે હે પ્રભુ, રહ્યું છે ફસી ! હવે આ ગારવતામાંથી છૂટે તો ઉકેલ આવે. એ ગંધ, એ ફોટોય કેવો પડે ? એવું બધું રાત-દહાડો મનમાં કૈડ્યા કરે. પણ આ તો ચાની પેઠ પીવે છે. જ્યારે ચા પીવી હોય ત્યારે કહેશે કે ચા બનાવો જોઈએ. પછી ચા બનાવીને નિરાંતે પીવે ! એવું કેમ ચાલે ? છતાં કંઈક વિચારે તોય ઉત્તમ છે.

## ભગવાન પણ ડર્યા માટે ચેતો

આ સમજવા બેસે તો બહુ ઊંડું છે, પણ છતાં સહેલું છે. ક્યાંય વિરોધાભાસ ન ઊભો થાય. આ સૈદ્ધાંતિક જ્ઞાન છે અને સબળ અનુભવપૂર્વકનું જ્ઞાન છે. આ તો આપણો અક્રમ માર્ગ, તેથી આપણે ખાવા-પીવાની છૂટ મૂકી, બધા પ્રકારની છૂટ મૂકી, પણ આપણે વિષય સામે ચેતવાનું કહીએ છીએ. બાકી, વિષયથી તો ભગવાન પણ ડર્યા હતા. વિષયમાં તો ભારે તન્મયાકાર થાય છે. મનુષ્યનો સ્વભાવ હરૈયો છે. હરૈયો એટલે જ્યાં દેખે ત્યાં ચોંટે, જ્યાં દેખે ત્યાં ચોંટે. બીજી બધી વસ્તુમાં રૂપ જોવાનું છે, આમાં રૂપ છે જ ક્યાં, તે જોવાનું ? આ તો ઉપરથી જ રૂપાળા દેખાય છે. પેલી કેરી તો અંદર કાચી હોય તોય સ્વાદ લાગે ને દુર્ગંધેય ના આવે અને આને કાપો તો ? દુર્ગંધનો પાર ના હોય.

એટલે આ અહીં જ માયા છે. આખા જગતની

માયા અહીં જ ભરેલી છે. સ્ત્રીઓની માયા પુરુષોમાં છે ને પુરુષોની માયા સ્ત્રીઓમાં છે.

**પ્રશ્નકર્તા :** તેથી જ બધું અટક્યું છે ને ?

**દાદાશ્રી :** હા, તેથી જ અટક્યું છે.

## લાચારી ના થાય એ બાઉન્ડ્રીમાં આવો

આ બાઉન્ડ્રી તમને બતાવું. કોઈ પણ વસ્તુમાં યાચકપણું ના જોઈએ. નહીં મળે તો કહેશે, જલેબી લાવો ને થોડીક, જલેબી લાવો. મેલને મૂઆ, અનંત અવતાર જલેબીઓ ખાધી તોય હજુ યાચકપણું રાખો છો ? જેને લાલસા હોયને તેને યાચકપણું થાય. યાચકપણું એ લાચારી છે, એક જાતની !

વિષય એટલે શું ? થાળી એ પણ વિષય. જમણ આવ્યું, હવે એ મૂક્યું આપણે. આ ગઈ કાલે આખો દહાડો ઉપવાસ કર્યો'તો, ને અત્યારે અગિયાર વાગે જમવાનું મૂક્યું અને સરસ કેરી ને બધુંય હોય, પછી તરત લઈ લે. હવે જમ્યાયે નહીં ને ત્યાર પહેલાં તો ઉઠાવી લે, તો તે ઘડીએ મહીં પરિણામ ના બદલાય ત્યારે જાણવું કે આપણને આ વિષયનો વાંધો નથી. વિષયમાં યાચકપણું ના થવું જોઈએ, લાચારી ના હોવી જોઈએ.

## રોંગ બિલીફના મૂળિયાને હવે છેદો

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાન પછી ખાલી એકલી 'બિલીફ' (માન્યતા) જ ફેરવવાની છે ?

**દાદાશ્રી :** હા, પણ એવું છે ને, રાઈટ શ્રદ્ધા પૂરી ક્યારે બેઠી કહેવાય કે રોંગ શ્રદ્ધા બધી જ ઊડી જાય ત્યારે. હવે મૂળ રોંગ બિલીફ અમે ઉડાડી પણ આ વિષયમાં તો અમે થોડીઘણી રોંગ શ્રદ્ધા ફ્રેકચર કરી આપીએ. બાકી બધું ફ્રેકચર કરવા અમે કંઈ નવરા છીએ ?

એટલે વિષયમાંથી રસ ક્યારે નિર્મૂળ થાય કે પહેલું તો પોતાને એમ લાગે કે આ મરચું ખાઉ છું એ મને નડે છે, આવી રીતે નુકસાન કરે છે. એવું એને સમજાવું જોઈએ. જેને મરચાંનો શોખ હોય, તે તેને જ્યારે ગુણ-અવગુણ સમજાઈ જાય ને ખાતરી થાય કે મને નુકસાન જ કરે છે, તો એ શોખ જાય. હવે આપણને 'શુદ્ધાત્મામાં જ સુખ છે' એવું યથાર્થપણે સમજાઈ જાય તો વિષયમાં સુખ જ ના રહે. છતાંય વિષયમાં સુખ લાગે છે, એ પહેલાનું રીએક્શન (પ્રતિક્રિયા) છે.

**પ્રશ્નકર્તા :** વિષયમાં સુખ છે, એ 'બિલીફ' પડેલી છે, તે કેવી રીતે નીકળે ?

**દાદાશ્રી :** આપણને આ ચા સરસ મીઠી લાગે છે, એ આપણો રોજનો અનુભવ છે. પણ જલેબી ખાધા પછી કેવી લાગે ?

**પ્રશ્નકર્તા :** મોળી લાગે.

**દાદાશ્રી :** એટલે તે દહાડે આપણને સમજણ પડી ગઈ, બિલીફ બેસી ગઈ કે જલેબી ખાધી હોય તો ચા મોળી લાગે. એવી રીતે આત્માનું સુખ હોય છે, ત્યારે બીજું બધું મોળું લાગે.

## અભિપ્રાય બદલાયે થાય દોષ નિર્મૂળ

**પ્રશ્નકર્તા :** પણ માનસશાસ્ત્રીઓ કહે છે કે વિષય બંધ થાય જ નહીં, છેક સુધી રહે. એટલે પછી વીર્યનું ઊર્ધ્વગમન થાય જ નહીંને ?

**દાદાશ્રી :** હું શું કહું છું કે વિષયનો અભિપ્રાય બદલાય કે પછી વિષય રહેતો જ નથી. જ્યાં સુધી અભિપ્રાય બદલાય નહીં ત્યાં સુધી વીર્યનું ઊર્ધ્વગમન થાય જ નહીં. આપણે અહીં તો સીધો આત્મામાં જ ઘાલી દેવાનો છે, એનું નામ જ ઊર્ધ્વગમન છે. વિષય બંધ કરવાથી એને આત્માનું સુખ વર્તાય અને વિષય બંધ થયો એટલે વીર્યનું ઊર્ધ્વગમન થાય જ. અમારી આજ્ઞા જ એવી છે કે વિષય બંધ થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** આજ્ઞામાં શું હોય છે ? સ્થૂળ બંધ કરવાનું ?

**દાદાશ્રી :** સ્થૂળને અમે કંઈ કહેતા જ નથી.

મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બ્રહ્મચર્યમાં રહે એવું હોવું જોઈએ. અને મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર, બ્રહ્મચર્ય માટે ફરી ગયા એટલે સ્થૂળ તો એની મેળે આવે જ. તારાં મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકારને ફેરવ. અમારી આજ્ઞા એવી છે કે આ ચારેય ફરી જ જાય છે !

જે સંગમાં આપણે ફસાઈએ એવું હોય એ સંગથી બહુ જ છેટા રહેવું, નહીં તો એક ફેરો ફસાયા કે ફરી ફસાય ફસાય જ થયા કરે. માટે ત્યાંથી ભાગવું. લપસવાની જગ્યા હોય ત્યાંથી ભાગવું, તો લપસી ના પડાય. સત્સંગમાં તો બીજી 'ફાઈલો' ભેગી નહીં થવાની ને ? એક જાતના વિચારવાળા બધા ભેગા થાયને ?

## તો જ થાય આત્માનો એક્ઝેક્ટ અનુભવ

**પ્રશ્નકર્તા :** દાદા, હજુ વધુ ફોડ પાડો.

**દાદાશ્રી :** ચાલીસ રૂપિયે કિલોના ભાવની ચા હોય પણ ટેસ્ટ ના આવે તો એનું શું કારણ ? કે એક બાજુ ચા પીતો હોય, બીજી બાજુ દાડમ ખાતો હોય, જામફળ ખાતો હોય, તે પછી ચાનો ટેસ્ટ માલૂમ પડે ? ચાનો ટેસ્ટ ક્યારે માલૂમ પડે કે બીજું બધું ખાવાનું બંધ કરી દઈએ ને મોઢું-બોઢું સાફ કરીને પછી ચા પીએ તો સમજણ પડે કે આ ચા બહુ સરસ છે ! ત્યારે ચાનો અનુભવ થાય. એવો આત્માનો અનુભવ આ બધી વસ્તુઓમાં શી રીતે માલૂમ પડે ? ભાન રહે નહીંને ! એટલી જાગૃતિ માણસને હોય નહીંને ! એટલે આવો પ્રયોગ કરીએ, છ-બાર મહિનાનું બ્રહ્મચર્યનું વ્રત લીધું હોય તો પછી આ અનુભવ સમજાય. ચાનો અનુભવ લાવવા બીજું બંધ કરવું પડે કે ના કરવું પડે ? એવો આત્માનો અનુભવ એવી વસ્તુ છે કે બીજા ટેસ્ટ બધા આઘાપાછા થાય ત્યારે આ ટેસ્ટ સમજાય, ત્યાં સુધી સમજાય નહીંને ! જ્યાં સુધી વિષય છે, ત્યાં સુધી આ આત્મસુખ અને આ પૌદ્ગલિક સુખ એ ભેદ સમજવા નહીં દે. એટલે અહીં રોજ દોડધામ કરીને શાથી આવે છે ? કારણ કે એને ટેસ્ટ તો રોજ આવે છે, પણ એને ભાન થતું નથી કે ક્યાંથી આવે છે ? એ અદબદ રહે છે. એટલે જ્યારે બ્રહ્મચર્ય એકલું જ હોય, છ-બાર મહિનાનું બ્રહ્મચર્યવ્રત આપ્યું હોય તો એને ખબર પડી જાય કે ખરો આનંદ તો આ છે. પેલો વિષય નથી તોય આટલો બધો આનંદ રહે છે ! ઊલટો, આ આનંદ તો વધે છે ! પછી એને જ ઓળખાય કે આત્માનો આનંદ કેવો હોય ! નહીં તો ત્યાં સુધી સમજાતું જ નથી કે આ કયો આનંદ ? આનંદ આવે છે એ નક્કી છે, પણ આ પુદ્ગલનો આનંદ કે આત્માનો આનંદ એ એક્ઝેક્ટ સમજાય નહીંને ! હવે આ કાળમાં મન તો સારું ના રહે, તેથી મનનું (મનથી જે થાય તે માટે) પ્રત્યાખ્યાન કરવું અને વાણીથીય બોલાવું ન જોઈએ અને કાયાથી તો રહેવું જ જોઈએ. આમ મન-વચન-કાયાથી છ-બાર મહિના બ્રહ્મચર્ય રહે તો 'એક્ઝેક્ટ' અનુભવ થઈ જાય. આ જ્ઞાન આપેલું છે એટલે અનુભવ તો થાય છે, પણ જ્ઞાનનો જેવો જોઈએ તેવો સર્વાંશ અનુભવ થતો નથી. અનુભવની તીવ્ર જિજ્ઞાસા હોય, તે આ રીતે કરે તો કામ થાય.

## જ્ઞાની છોડાવે સંસાર જંજાળમાંથી

**પ્રશ્નકર્તા :** (આ સંસાર) વિષયમાંથી ઊભો થયો છે ને ? એટલે સંસાર જ્યાંથી શરૂ થયો હોય, ત્યાંથી બંધ કરવો પડે તો બંધ થઈ જાય.

**દાદાશ્રી :** સૂક્ષ્મ કારણ તો બીજા છે, સ્થૂળ કારણ આ છે.

પુણ્યથી ઈન્દ્રિયોના સુખ બધા ભેગા થાય. એમાં પછી કપટ ઊભું થાય, ભોગવવાની લાલસા માટે કપટ ઊભું થાય ને કપટથી સંસાર ઊભો રહ્યો છે.

અબ્રહ્મચર્યની ગાંઠ ઓગળે તો તો બધું જાય. આ સંસાર બધો એના ઉપર જ ઊભો રહ્યો છે. રૂટ કૉઝ જ આ છે. આ બંધ કરે તો દીવા જેવું થઈ જાય, ફર્સ્ટ ક્લાસ. આવું કોઈએ હિન્દુસ્તાનમાં કહ્યું નથી હજુ. શીલ ઉપર તો બધાએ ઢાંકી દીધું છે. લોકોને આનો (વિષયનો) જ સ્વાદ છે.

આ જંજાળ છે ને, તે નિરંતર 'એને' 'આત્મા'માં રહેવા ના દે. 'તમને' જંજાળ તો ખરી જ ને, પછી ? છોકરાં કહે, 'બાપુજી ફી લાવો.' અલ્યા, ફી તો ઘરમાં છે. પણ સોની નોટ વટાવવા જવું પડે કે ના જવું પડે ? પૈણ્યા ના હોય તો નોકરી-ધંધા હોય. એટલે આ બધી જંજાળ છે અને આ છે ત્યાં સુધી નિરંતર 'આત્મા'માં ના રહી શકાય. પણ 'આપણા' ભાવ જ્યારે આ જંજાળથી (સુખ છે એ માન્યતાથી) ઓછા થશે અને સુખ 'આત્મા'માં છે એવું સમજાશે, એમ આ જંજાળ ઓછી થતી જશે, તેમ પછી 'આત્મા'માં રહી શકાય.

એટલે આ સંસાર રોગનો તો બહુ લોકો ઉપાય કરી કરીને થાક્યા. તેથી ભગવાને કહ્યુંને, કે 'આખી દુનિયામાં કોઈક ફેરો એકાદ એવા જ્ઞાની હોય. તે રોજ નહીં, સૈકે સૈકે નહીં, કોઈક ફેરો એકાદ હોય ત્યાં આપણું કામ થાય.'

**પ્રશ્નકર્તા :** તે એમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી ?

**દાદાશ્રી :** તમારે મુક્તિ કરવી હોય તો હું કરી આપીશ. આ સંસારજંજાળ છોડ્યાથી છૂટે એવી નથી, એ જ્ઞાનથી છૂટે એવી છે. કેટલા વખતથી જંજાળથી છૂટવાની ઈચ્છા થાય છે ? જવાનીમાં તો છૂટવાની ઈચ્છા થાય નહીં. જવાનીમાં તો જંજાળ વધારવાની ઈચ્છા થાયને ?

**પ્રશ્નકર્તા :** એ તો બુઢાપામાંય છૂટવાની ઈચ્છા નથી થતી. પણ હવે આપના તરફથી કંઈ પ્રયત્ન થાય તો છૂટાય.

**દાદાશ્રી :** હા, બરાબર છે. બુઢાપામાંય જંજાળમાંથી છૂટવાની ઈચ્છા ના થાય એવું છે.

**પ્રશ્નકર્તા :** આમાંથી છૂટવાનો કંઈ રસ્તો ?

**દાદાશ્રી :** આ જંજાળમાંથી કોઈક વખત છૂટવાની ઈચ્છા થાય છે કે ? જંજાળ ગમે જ નહીંને ? આ તો જંજાળમાં જ પેઠેલા છે ! જ્યાં સુધી ના છૂટાય ત્યાં સુધી આ બધું ખાવા-પીવાનું, બધા લોક કર્યા કરે તેવું કર્યા કરવાનું. પણ જો છૂટવાનું મળ્યું, જ્ઞાની પુરુષ મળ્યા તો છૂટી જાય.

કેટલાંય અવતારથી પુરુષો આટઆટલી સ્ત્રીઓને પૈણ્યા અને સ્ત્રીઓ પુરુષોને પૈણી તોય હજુ એને વિષયનો મોહ તૂટતો નથી. ત્યારે આનો ક્યારે પાર આવે તે ? એનાં કરતાં થઈ જાવ એકલાં, એટલે ભાંજગડ જ મટી ગઈને !

### સાચી માન્યતામાં સાચું સુખ

માણસને રોંગ બિલીફ છે કે વિષયમાં સુખ છે. હવે વિષયથીય ઊંચું સુખ મળે તો વિષયમાં સુખ ના લાગે. વિષયમાં સુખ નથી પણ દેહધારીને વ્યવહારમાં છૂટકો જ નહીં. બાકી જાણીજોઈને ગટરનું ઢાંકણું કોણ ખોલે ? વિષયમાં સુખ હોય તો ચક્રવર્તીઓ આટલી બધી રાણીઓ હોવા છતાં સુખની શોધમાં ના નીકળત ! આ જ્ઞાનથી એવું ઊંચું સુખ મળે છે. છતાં આ જ્ઞાન પછી તરત વિષય જતા નથી, પણ ધીમે ધીમે જતા રહે. છતાં પણ પોતે વિચારવું તો જોઈએ કે આ વિષયો એ કેટલો ગંદવાડો છે !

પુરુષને 'સ્ત્રી છે' એવું દેખાય તે પુરુષમાં રોગ હોય તો 'સ્ત્રી છે' એવું દેખાય. પુરુષમાં રોગ ના હોય તો સ્ત્રી ના દેખાય.

જ્ઞાનીઓને આરપાર દૃષ્ટિ હોય. જેવું છે તેવું દેખાય. એવું દેખાય તો પછી વિષય રહે ? એનું નામ જ્ઞાન. જ્ઞાન એટલે આરપાર જેમ છે તેમ દેખાવું. આ હાફૂસની કેરી હોય તો તે વિષયની અમે ના ન પાડીએ. એને જો કાપે તો લોહી ના દેખાય, તો એ નિરાંતે ખા. આ તો કાપે તો લોહી નીકળે, પણ એની જાગૃતિ રહેતી નથીને ! તેથી માર ખાય છે. તેથી આ સંસાર ઊભો રહ્યો છે. આ જ્ઞાનથી જાગૃતિ પછી ધીમે ધીમે વધતી જાય, વિષય ખલાસ થતો જાય. મારે બંધ કરવાનું કહેવું ના પડે, એની મેળે જ તમારે બંધ થતું જાય.

હંમેશાં દુષમકાળમાં માણસનાં મન કેવાં હોય, કે 'કાલથી ખાંડ નહીં મળે' એવું કહ્યું કે બધા દોડધામ કરીને ખાંડ લઈ આવશે. એટલે મન વાંકાં ચાલે એવાં છે. એટલે અમે બધી છૂટ જ આપી છે. દુષમકાળમાં મનને બંધન કરીએ કે આમ કરો તો મન અવળું ચાલ્યા વગર રહે નહીં. આ દુષમકાળનો સ્વભાવ છે કે જો અટકાવીએ તો ઊલટું જોશ કરીને એમાં જ પડે. એટલે આ કાળમાં અમારા નિમિત્તે અક્રમ ઊભું થયું, તે કોઈ જાતનું અટકાવવાનું જ નહીં. એટલે પછી મન જુવાન થતું જ નથી, મન ઘૈડું થઈ જાય છે. ઘૈડું થાય એટલે નિર્બળ થાય, પછી ખલાસ થઈ જાય. જુવાન તો ક્યારે થાય, કે અટકાવીએ તો. તૃપ્ત થયેલો માણસ વિષયના ગંદવાડામાં હાથ ઘાલે જ નહીં. આ તો મહીં તૃપ્તિ નથી, તેથી આ ગંદવાડામાં ફસાઈ પડ્યા છે.

## ખોટના ખાતા બંધ કરી સ્વતંત્ર થવાયું

વિષયની વેદના કરતાં નર્કની વેદના સારી. નર્કમાં બીજ પડે નહીં, નર્કમાં ભોગવવાનું એકલું જ, ડેબિટ પૂરી થઈ ગઈ અને ક્રેડિટ હોય તો ત્યાં દેવગતિમાં પૂરી થાય છે. જ્યારે વિષયમાં તો નવાં બીજ પડ્યા વગર રહે જ નહીં. આ તો અમને નાનપણથી બહુ વિચારો આવતા, બધા બહુ વિચારો કરી નાખેલા.

એ હિસાબ કાઢવાનો. અમે આખી જિંદગી હિસાબ જ કાઢ-કાઢ કર્યો. મને સમજાઈ ગયું કે આ બધા ખાતાં ખોટનાં છે. વેપાર અવળો પકડ્યો છે આપણે ! ત્યાર પછી ઈન્ડિપેન્ડન્ટ (સ્વતંત્ર) થવાયું.

વિષય જો ના છૂટકે ભોગવવો પડે તો એ વિષ નથી. તું પૈસા છૂટથી વાપરે કે ના છૂટકે ? આ તો પૈસાની જ વાત છે, પણ આ એક જ વખતના વિષયમાં તો અબજો-અબજોનું નુકસાન છે, ભયંકર હિંસા છે. આ પૈસાની બહુ કિંમત નથી, પૈસો તો ફરી આવે. આ બધા હિસાબ ભોગવવા પડશે. જેટલા હિસાબ બાંધવા હોય એટલા બાંધજો. જેટલી મજબૂતી હોય એટલા હિસાબ બાંધજો, બાકી ભોગવતી વખતે સહન ના થાય ને રડારડ કરે, એનાં કરતાં પહેલેથી જ ચેતીને હિસાબ બાંધજો.

કુદરત તૈયારી કરી રહી છે. એ વાળ્યા ન વળે ને, એ શેનાથી વળે ? તે હાર્યા વળશે. એ સાંધા તોડી નાખશે. કુદરત તો થોડો વખતમાં એવા સાંધા તોડી નાખશે. અહીં જો મારા વાળ્યા વળ્યા તો ઠીક છે, નહીં તો સાંધા તોડનારા તો છે જ તૈયાર પાછળ.

બાકી અમે તો ચેતવ ચેતવ કરીએ કે જેમ તેમ કરીને બચી જાય તો સારું. પછી બીજું શું કરીએ ? અમે એને ઓછાં મારીએ ? બાકી જ્ઞાની મળ્યા ને ના બચે ત્યારે પછી એની જ ભૂલ છે ને !

## 'જ્ઞાની' સંજ્ઞા એક માત્ર ધ્રુવકાંટો

જ્ઞાનીની સંજ્ઞાથી જુએ તો એમાં તદ્દન દુઃખ છે. 'જ્ઞાની પુરુષ'ની પાસે જો કદી આ બ્રહ્મચર્ય સંબંધી વાત સાંભળે તો વૈરાગ લઈ લે. વિષયનું સંપૂર્ણ વર્ણન કરવામાં આવે તો માણસ સાંભળતા ગાંડો થઈ જાય, એટલું બધું એમાં જોખમ છે. જેને આંતરિક સુખ હોય, તે અબ્રહ્મચર્ય કરે જ નહીં. આ તો આંતરિક દુઃખને લઈને અબ્રહ્મચર્ય કરે છે.

આ જગતમાં કોઈનોય ભડકાટ ના લાગે તેવી રીતે ધીમે ધીમે સ્ટેપિંગ લેજો. લોકભય અને લોકસંજ્ઞાની વિરુદ્ધ પડવું પડશે, મોક્ષે જવું હશે તો.

વીતરાગોનું વિજ્ઞાન એ જ તૃપ્તિને લાવનાર છે. 'જ્ઞાની'ની સંજ્ઞા એ ધ્રુવકાંટો હોય, તે ઠેઠ પહોંચાડી દે અને લોકસંજ્ઞા એ ધ્રુવકાંટો હોય, તે સંસારમાં રઝળપાટ કરાવે !

**જય સચ્ચિદાનંદ**

**ત્રિમંદિરોના સંપર્કસૂત્ર : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૨૭૪૧૧૧૩૯૩; **ભુજ** (૦૨૮૩૨) ૨૯૦૧૨૩;
**ગોધરા:** (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨
**અન્ય સેન્ટરોના સંપર્કસૂત્ર : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૨-૧૩ નવેમ્બર :** પૂજ્યશ્રીના સૌરાષ્ટ્ર સત્સંગ પ્રવાસની શરૂઆત જામનગર સેન્ટરથી થઈ હતી. મુમુક્ષુ-મહાત્માઓએ જ્ઞાનસંબંધી તથા વ્યવહારિક મુશ્કેલીઓના સમાધાન માટે પ્રશ્નો પૂછ્યા હતા. ૧૫૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં પણ મોટા ભાગના નવા જ્ઞાન લીધેલા મહાત્માઓ આવ્યા હતા.

**૧૫-૧૭ નવેમ્બર :** રાજકોટમાં ત્રણ દિવસના સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૨૫૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતુ. કુલ ૮૦૦૦ જેટલાં મહાત્માઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. સેવાર્થી સત્સંગમાં ૩૬૦ જેટલાં સેવાર્થીઓને પૂજ્યશ્રીના સત્સંગ-દર્શનનો અનુપમ લ્હાવો મળ્યો હતો.

**૧૯-૨૦ નવેમ્બર :** વેરાવળમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૧૦૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થી સત્સંગ દરમ્યાન મહાત્માઓએ જ્ઞાનના સરસ અનુભવો કહ્યા હતા અને પૂજ્યશ્રીના દર્શન પામી ધન્યતા અનુભવી હતી. જ્ઞાન લેવા આવેલા ઘણાં મુમુક્ષુઓ વર્ષોથી પૂજ્ય નીરુમા અને પૂજ્યશ્રીને ટીવી પર સાંભળતા હતા.

**૨૧ નવેમ્બર :** જૂનાગઢમાં મહાત્માઓ માટે વિશેષ રૂપે યોજાયેલ સત્સંગમાં ૨૦૦૦ જેટલાં મહાત્માઓ આવ્યા હતા. નોંધપાત્ર બાબત એવી કે ઘણાં નિયમિત સત્સંગમાં હાજરી નથી આપી શકતા છતાં દાદાના જ્ઞાન સાથે સંકળાયેલા રહ્યા છે. મહાત્માઓએ જ્ઞાનસંબંધી ગુહ્ય પ્રશ્નો પૂછ્યા હતા અને અંતે બધાંએ પૂજ્યશ્રી સાથે મહાપ્રસાદ આરોગ્યો હતો.

**૨૩-૨૪ નવેમ્બર :** ૧૧ વર્ષ પછી ધ્રાંગધ્રામાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૧૪૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ધ્રાંગધ્રા નાનું શહેર હોવા છતાં આટલી સંખ્યામાં મુમુક્ષુઓનો જ્ઞાન લેવા માટે ઉત્સાહ સરાહનીય હતો. સેવાર્થી માટે પૂજ્યશ્રીના દર્શન-સત્સંગ તથા નવા જ્ઞાન લીધેલા માટે આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગ પણ યોજાયો હતો.

**૨૫ નવેમ્બર :** સુરેન્દ્રનગર ત્રિમંદિર ખાતે સ્થાનિક મહાત્માઓ માટે પૂજ્યશ્રીનો એક દિવસનો વિશેષ સત્સંગ યોજાયો હતો, જેનો ૭૦૦ જેટલાં મહાત્માઓએ લાભ લીધો હતો અને જ્ઞાન, આજ્ઞા, પ્રતિક્રમણ સંબંધી પ્રશ્નો પૂછી સમાધાન મેળવ્યા હતા. પૂજ્યશ્રીએ સુરેન્દ્રનગર ત્રિમંદિરમાં દર્શન કર્યા હતા તથા સેવાર્થીઓ સાથે વિશેષ સત્સંગ પણ કર્યો હતો.

**૨ ડિસેમ્બર :** અડાલજ ત્રિમંદિર ખાતે પૂજ્ય નીરુમાના ૭૧મા જન્મદિવસે સવારે પ્રભાતફેરી બાદ પૂજ્ય નીરુમાની સમાધિએ પ્રાર્થના-આરતી સામૂહિકમાં મહાત્માઓ કર્યા હતા. પૂજ્યશ્રીએ વિશેષ સંદેશમાં પૂજ્ય નીરુમાના આદર્શો પોતાના જીવનમાં અપનાવવા પર ભાર મૂક્યો હતો. સાંજે જગતકલ્યાણાર્થે એક કલાક કીર્તન ભક્તિ તથા પાંચ આજ્ઞાના મહત્વ પરની પૂજ્ય નીરુમાની સ્પેશ્યલ સીડી બતાવવામાં આવી હતી. રાત્રે મહાત્માવર્ય કવિરાજે એમના સુમધુર કંઠે ભક્તિપદો ગવડાવી મહાત્માઓને રસતરબોળ કરી દીધા હતા. કવિરાજના ધર્મપત્ની મ. દમયંતીબેને પણ પૂજ્ય નીરુમા સાથેના અનુભવો વર્ણવ્યા હતા. અંતે 'દાદા ભગવાન અસીમ જય જયકાર હો'ની ભક્તિ ધૂનમાં સર્વે મહાત્માઓ ઝૂમી ઊઠ્યા હતા.

**૫-૭ ડિસેમ્બર :** બેંગ્લોરમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૪૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું, જેમાં ૧૦૦ જેટલાં કન્નડભાષી પણ હતાં. સત્સંગ દરમ્યાન કર્મના સિદ્ધાંત પર પૂછાયેલા પ્રશ્નોના પૂજ્યશ્રીએ અંગ્રેજીમાં સુંદર જવાબો આપ્યા હતા. સેવાર્થી સત્સંગમાં ૧૫૦ જેટલાં મહાત્માઓને પૂજ્યશ્રીના સત્સંગ-દર્શનનો લાભ મળ્યો હતો.

**૯-૧૧ ડિસેમ્બર :** ભોપાલમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૪૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું. દૂરદર્શન પર પ્રસારિત થતાં સત્સંગને કારણે સુંદર પ્રતિસાદ મળ્યો હતો. મધ્યપ્રદેશના વિવિધ વિસ્તારોમાંથી ૩૦૦ જેટલાં મુમુક્ષુઓ આવ્યા હતા. ભોપાલના મહાત્માઓને બોનસ રૂપે પૂજ્યશ્રી સાથે પિકનિકનો અનેરો અવસર પ્રાપ્ત થયો હતો. સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે પ્રસિદ્ધ 'માનવ સંગ્રહાલય'ની મુલાકાત લીધી હતી. જેમાં ભારતની વિવિધ આદિવાસી જાતિઓની સંસ્કૃતિનું સુંદર પ્રદર્શન ૨૦૦ એકર જેટલાં વિસ્તારમાં છે. પૂજ્યશ્રીએ કેરાલા, હિમાચલ પ્રદેશ, લડાખ વિગેરે વિસ્તારના પ્રતિકૃતિ મકાનોની મુલાકાત લઈ એનો ઈતિહાસ સાંભળ્યો હતો. પૂજ્યશ્રીએ ઈન્ફોર્મલ સેશન દરમ્યાન મહાત્માઓને દાદાશ્રી સાથેની જાત્રાના અનુભવો કહ્યા હતા. અંતે પૂજ્યશ્રી સાથે મહાત્માઓએ ભોજનપ્રસાદ આરોગ્યો હતો.

**૧૨-૧૪ ડિસેમ્બર :** દિલ્હીમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૫૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સખત ઠંડી અને વરસાદના વિઘ્નો વચ્ચે પણ ઘણાં બધા મુમુક્ષુઓ આવ્યા હતા. કાઠમંડુ (નેપાળ), હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને વિવિધ રાજ્યોમાંથી લોકો આવ્યા હતા. બે દિવસના સત્સંગ દરમ્યાન ખૂબ જ સરસ પ્રશ્નોત્તરી થઈ હતી, જે ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓએ રસપૂર્વક સાંભળી હતી. અમુક મહાત્માઓએ પોતાના સુંદર અનુભવો કહ્યા હતા. નેશનલ દૂરદર્શન પર પ્રસારિત થતા સત્સંગ કાર્યક્રમને લીધે ખૂબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

| Pujya Deepakbhai's UK-Germany Satsang Schedule (2015) | | | | |
|---|---|---|---|---|
| Contact no. for all centers in UK + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org | | | | |
| **Date** | **From** | **to** | **Event** | **Venue** |
| 27-31 March | TBA | TBA | Satsang & Gnanvidhi | Germany - Willingen |
| 2-6 Apr-15 | All Day | All Day | UK Shibir | Pakefield |
| 8-Apr-15 | 7-30PM | 10PM | Satsang | Nagrecha Hall, 202 Leyton Road, London, E15 1DT |
| 9-Apr-15 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 9-Apr-15 | 6PM | 10PM | Gnanvidhi | |
| 10-Apr-15 | 7-30PM | 10PM | Satsang For Mahatmas Only | Wanza Community Centre, Pasture Lane, Leicester, LE1 4EY |
| 11-Apr-15 | 7-30PM | 10PM | Satsang | |
| 12-Apr-15 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 12-Apr-15 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 13-Apr-15 | 7-30PM | 10PM | Aptaputra Satsang | |
| 17-Apr-15 | 7-30PM | 10PM | Satsang in English | Harrow Leisure Centre, Christchurch Avenue, Harrow, HA3 5BD |
| 18-Apr-15 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang in English | |
| 18-Apr-15 | 7-30PM | 10PM | Satsang | |
| 19-Apr-15 | 9-30AM | 12-30PM | Simandhar Swami Pratishtha | |
| 19-Apr-15 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 20-Apr-15 | 7-30PM | 10PM | Satsang | |

## આપ્તવાણી-૧૪ ભાગ-૪નું 'દાદાવાણી'ના આજીવન-૧૫ વર્ષના સભ્યોને વિના મૂલ્યે વિતરણ

હાલમાં ડિસેમ્બર ૨૦૧૪ પારાયણ વખતે વિમોચન થયેલ આપ્તવાણી-૧૪ ભાગ-૪નું **તા. ૨૦ જાન્યુઆરી થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫** દરમ્યાન જ્યાં જ્યાં સત્સંગ સેન્ટર ચાલે છે, ત્યાંથી વિતરણ થશે. આ લાભ 'દાદાવાણી' મેગેઝિનના આજીવન તથા ૧૫ વર્ષના સભ્યોને વિના મૂલ્યે મળશે. આ માટે સભ્યોએ પોતાનો દાદાવાણી ગ્રાહક નં. જણાવવાનો રહેશે, જે દાદાવાણી મેગેઝિનના કવર પર લખેલ હોય છે. ઉપરોક્ત સમયગાળા પછી આ લાભ મળી શકશે નહીં, માટે સભ્યોએ આ તારીખો દરમ્યાન આ ગ્રંથ મેળવી લેવાનો રહેશે.

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** + 'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦
+ 'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪
+ 'દૂરદર્શન'-બિહાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ અને રવિવારે સાંજે ૫-૩૦ થી ૬ (હિન્દીમાં)
+ 'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)

**USA** + 'TV Asia' - દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

**Dubai** + 'સબ' ટીવી પર દરરોજ સવારે ૩ થી ૩-૩૦ (હિન્દીમાં)

**Australia** + 'સબ' ટીવી પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ (હિન્દીમાં)

**New zealand** + 'સબ' ટીવી પર દરરોજ બપોરે ૧૨ થી ૧૨-૩૦ (હિન્દીમાં)

**USA-Canada-UK-Singapore** + 'સબ' ટીવી પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (હિન્દીમાં)

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** + 'દૂરદર્શન' નેશનલ પર મંગળથી શુક્ર, સવારે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)
+ 'દૂરદર્શન'-ભોપાલ પર સોમથી શુક્ર બપોરે ૩-૩૦ થી ૪ (હિન્દીમાં)
+ 'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ (રવિવાર સિવાય) તથા રાત્રે ૯ થી ૯-૩૦
+ 'અરિહંત' ચેનલ પર દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯
+ 'સાધના' ટીવી પર દરરોજ સાંજે ૭-૧૦ થી ૭-૪૦ (હિન્દીમાં)
+ 'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (મરાઠીમાં)

**USA** + 'TV Asia' - દરરોજ સવારે ૧૧ થી ૧૧-૩૦ EST

**Singapore** + 'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (હિન્દીમાં)

**Australia** + 'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ (હિન્દીમાં)

**New Zealand** + 'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)

**USA-UK-Africa-Aus.** + 'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### મુંબઈ

**૩૦-૩૧ જાન્યુ.** (શુક્ર-શનિ) સાંજે ૬-૩૦ થી ૯ - **સત્સંગ** તથા **૧ ફેબ્રુ.** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** આઝાદ મેદાન, મહાનગર પાલિકા રોડ, BMC ઓફિસ અને CST સ્ટેશનની સામે. **સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧

**૨ ફેબ્રુઆરી** (સોમ) સાંજે ૬-૩૦ થી ૯ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** બિરલા માતુશ્રી સભાગૃહ હોલ, બિલ્ડીંગ નં.૧૯, મરીન લાઈન્સ, બોમ્બે હોસ્પિટલ પાસે.

### ભાવનગર

**૩ ફેબ્રુઆરી** (મંગળ) સાંજે ૭-૩૦ થી ૧૦ - **સત્સંગ** તથા **૪ ફેબ્રુઆરી** (બુધ), સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**૫ ફેબ્રુઆરી** (ગુરુ) સાંજે ૭-૩૦ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** ગુલીસ્તા મેદાન, વાઘાવાડી રોડ, ભાવનગર (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૨૫

### અમરેલી

**૬ ફેબ્રુઆરી** (શુક્ર) સાંજે ૮ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૭ ફેબ્રુઆરી** (શનિ), સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** લીલીયા રોડ બાયપાસ ચોકડી, શ્યામવાડીની બાજુમાં (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૦૮૦૬૪૫

### વડોદરા

**૨૦-૨૧ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૭ થી ૯-૩૦ - **સત્સંગ** તથા **૨૨ ફેબ્રુ.** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૨૩ ફેબ્રુઆરી** (સોમ) સાંજે ૭ થી ૯-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** સમતા ગ્રાઉન્ડ, બા-બાપુજી ઉદ્યાન સામે, સુભાનપુરા, વડોદરા (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૩૩૫

### વલસાડ

**૨૪ ફેબ્રુઆરી** (મંગળ) સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૨૫ ફેબ્રુઆરી** (બુધ), સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**૨૬ ફેબ્રુઆરી** (ગુરુ) સાંજે ૬ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** તડકેશ્વર મંદિર ગ્રાઉન્ડ, ફ્લાય ઓવર બ્રીજ પાસે, અબ્રામા (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૨૪૫

### સુરત

**૨૭-૨૮ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૮ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૧ માર્ચ** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૨ માર્ચ** (સોમ) સાંજે ૮ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** SMC પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશન પાસે, અઠવાલાઈન્સ (ગુજરાત). **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

### અડાલજ ત્રિમંદિર

**૧૯ માર્ચ** (ગુરુ) સાંજે ૪-૩૦ થી ૧૦ - **પૂ. નીરુમાની નવમી પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૨૦-૨૧ માર્ચ** (શુક્ર-શનિ) સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ** તથા **૨૨ માર્ચ** (રવિ), સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

---

## અમરેલી ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

### આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

### તા. ૮ ફેબ્રુઆરી ૨૦૧૪ (રવિવાર)

**પ્રાણપ્રતિષ્ઠા :** સવારે ૧૦ થી ૧ -૩૦, **પ્રક્ષાલ-પૂજન-આરતી :** સાંજે ૪ થી ૭, **ભક્તિ :** રાત્રે ૮-૩૦ થી ૧૦

**સ્થળ :** અમરેલી ત્રિમંદિર, લીલીયા રોડ બાયપાસ ચોકડી, શ્યામવાડીની બાજુમાં. **સંપર્ક :** ૯૯૨૪૦૮૦૬૪૫

**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ માત્ર એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા ઉપલબ્ધ નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

જાન્યુઆરી ૨૦૧૫
વર્ષ-૨૦, અંક-૫
સળંગ અંક-૨૩૩

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## લોકસંજ્ઞાએ વિષયમાં મનુષ્યો બન્યા જાનવર કરતાંય ભૂંડા

જે આ વિષયમાં સુખ માની બેઠાં છે, એ નરી પાશવતા છે. પશુ કોઈ દહાડો આમાં સુખ માનતા નથી. નહીં તો એમને કોઈ ના પાડે છે ? પણ એને છે કંઈ ભાંજગડ ? જોડે હરે-ફરે પણ ભાંજગડ નથી ને ! બિચારાં કુદરતની`રણાથી એનો કાળ આવે છે એટલાં પૂરતો જ છે તે ઉશ્કેરાટ અનુભવે. આ તો મનુષ્યમાં આવ્યા ને જંગલી રહ્યા. હિન્દુસ્તાનમાં તે આવાં પાશવી કર્મ હોતા હશે ? કેવો ઋષિમુનિઓનો દેશ ! જુઓ, એમની દશા તો જુઓ ! રાત-દા'ડો એ જ વિષયના વિચાર આવ્યા કરે ! આ મનુષ્ય તો જાનવર કરતાં ભૂંડા. એ રોજની એને ધમાલ જ આ, દાનત જ આની આ. વિષય સંબંધમાં કોઈએ વિચાર જ કર્યો નથી, લોકસંજ્ઞાથી. એ પછી એમાં શું શું દોષ છે, તે જોયા જ નથી કોઈ જગ્યાએ. દુનિયામાં કોઈ ચીજમાં દોષ ના હોય એટલો દોષ અબ્રહ્મચર્યમાં છે. પણ જો કે જાણતાં નથી એટલે શું થાય ? લોકસંજ્ઞા આની આ જ ચાલી છે, પાશવતાની જ. જે પશુમાં નથી હોતું, તે માણસની લીલા જોઈને અજાયબી જ થાય ને !

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.